જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । બુધવાર । તા. ૨૦-૩-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૧૬ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

પ્રિયંકાએ યુપી પ્રવાસનાં બીજા દિવસે વિંધ્યાચલ ધામનાં દર્શન કર્યાં, મૌલાના ઈસ્માઈલ ચિશ્તીની મજાર પર ચાદર ચઢાવી

પદ્મની છાતી રોજગાર આપવામાં કેમ નિષ્ફળ..?!! : પ્રિયંકા ગાંધી

મિરઝાપુર

યુપી મિશન પર નીકળેલાં કોંગ્રેસના મહામંત્રી પ્રિયંકા ગાંધીની બોટ યાત્રાનો મંગળવારે બીજો દિવસ હતો. પ્રિયંકા ગાંધી પોતાની યાત્રાના બીજા દિવસે મીરજાપુરના વિંધ્યાચલ ધામ અને મૌલાના ઈસ્માઈલ ચિશ્તીની દરગાહ પર માથું ટેકવ્યું હતું. મીરજાપુરમાં પ્રિયંકા ગાંધી કોંગ્રેસ કાર્યકરો સાથે મુલાકાત કરી હતી અને વિંધ્યાચલ મંદિરનાં દર્શન કર્યાં હતાં. ત્યાર બાદ પ્રિયંકા ગાંધીએ મૌલાના ઈસ્માઈલ ચિશ્તીની મજાર પર ચાદર ચઢાવી હતી.

પ્રિયંકાને જ્યારે પત્રકારોએ કહ્યું કે, યોગી સરકારે ૨ વર્ષનો રિપોર્ટ જાહેર કર્યો છે. આ અંગે પ્રિયંકાએ કહ્યું કે તેઓ જમીન પર આવીને જૂએ કે સ્થિતી શું છે. આ રિપોર્ટ કાર્ડ પ્રચાર માટે જ સારુ છે પરંતુ જમની પર તેનું કોઈ અસ્તિત્વ નથી. હું રોજ લોકો સાથે મુલાકાત કરુ છું. ખેડૂત, યુવાવર્ગ, વિદ્યાર્થી, આંગણવાડી હોય કે આશાવર્કર કોઈને કંઈ પણ મળ્યું નથી. જે પ્રચાર કરવામાં આવે છે અને જે સાચ્ચે જ હોય છે તેમા આકાશ જમીનનો ફરક છે. જ્યાં સુધી ૭૦ વર્ષનું રટણ કરાઈ રહ્યું છે ,તો તમે પણ ૫ વર્ષથી સત્તામા છો, તમે શું કર્યું?

સીતામઢીમાં પ્રિયંકા ગાંધીએ પીએમ મોદી પર પ્રહાર કરતા કહ્યું



કે, તમે કહો છો કે તમે શક્તિમાન છો, તમે દિગ્ગજ નેતા છો, તમારી પદ્ ઈંતની છાતી છે. તો રોજગાર કેમ નથી મળી રહ્યો? કારણ કે આ તેમની દુર્લભતા છે અને આ સરકાર પણ દુર્લભ છે. કોંગ્રેસ મહાસચિવે પુછ્યું કે પાંચ વર્ષમાં સરકારે શું કર્યું? કંઈ જ કર્યુ નથી. તેમણે ૭૦ વર્ષનાં મુદ્દા પર પણ મોદીને ઘેર્યા છે. પ્રિયંકાએ કહ્યું કે, ૭૦ વર્ષનાં રટણનું પણ એક્સપાઈરી ડેટ હોય છે.

પ્રયાગરાજમાં ગંગા તટે સ્થિત પૌરાણિક સ્થળ સીતામઢી પહોંચ્યા બાદ પ્રિયંકાએ માછીમારો અને મહિલાઓ સાથે સંવાદ કર્યો. લોકશાહીમાં જનતાની તાકાત જણાવતાં અપીલ કરી કે દેશ અને બંધારણને બચાવવા માટે સમજી વિચારીને વોટ કરજો. પ્રિયંકાએ કહ્યું કે મેં અને મારા ભાઈએ ઘણો જ સંઘર્ષ જોયો છે. પિતા અને પરિવારના બલિદાનને જોયો છે. રાહુલને સત્તાનો શોખ નથી તે તમારી ભલાઈ ઈચ્છે છે.

પ્રિયંકા ગાંધીની બોટ યાત્રાનું આજે વારાણસી ખાતે સમાપન થશે. પ્રિયંકા ગાંધી વારાણસીમાં કાશી વિશ્વનાથ મંદિરના દર્શન માટે જશે, પરંતુ વારાણસીમાં પ્રિયંકાના આગમન સામે અત્યારથી જ વિરોધ શરૂ થઈ ગયો છે. પ્રિયંકા કાશી પહોંચે તે પહેલાં તે ખ્રિસ્તી હોવાથી કાશી વિશ્વનાથ મંદિરમાં તેમના પ્રવેશ સામે વિરોધ શરૂ થઈ ગયો છે. દરમિયાન સોમવારે પ્રયાગરાજથી પ્રિયંકા ગાંધીએ પોતાની બોટ યાત્રા શરૂ કરી હતી અને ૫૦ કિ.મી.ના માર્ગમાં પ્રિયંકા ગાંધીએ કેટલાંય સ્થળોએ લોકોનું અભિવાદન ઝીલ્યું હતું. બોટ યાત્રા દરમિયાન પ્રિયંકા ગાંધીને મળવા મોટી સંખ્યામાં લોકો ઘાટ પર ઊમટી પડ્યા હતા.

ચૂંટણીમાં જે ૭૦ વર્ષનું રટણ કરે છે તેની પણ એક્સપાઈરી ડેટ આવવાની છે

પ્રિયંકા ગાંધી વાડ્રાનો વિશ્વનાથ મંદિરમાં પ્રવેશ મામલે વિવાદ

ઉત્તર પ્રદેશના પ્રવાસ દરમિયાન આજે ૨૦ માર્ચે પ્રિયંકા ગાંધી વાડ્રાનો વારાણસીના વિશ્વનાથ મંદિરમાં પૂજા-અર્ચનાનો કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે તે પહેલા જ આ મામલે વિવાદ સર્જાયો છે. ખરેખરમાં વારાણસીના વકીલોએ પ્રિયંકા ગાંધી વાડ્રાના વિશ્વનાથ મંદિર દર્શન પર વાંદો ઉઠાવ્યો છે. આ વકિલોએ મુખ્યમંત્રી અને જિલ્લાધિકારીને પત્ર આપી પ્રિયંકા વાડ્રાને વિશ્વનાથ મંદિરમાં પૂજા-અર્ચના ના કરવા દેવાની અપીલ કરી છે. પત્ર દ્વારા જણાવવામાં આવ્યું કે, વિશ્વનાથ મંદિર હિન્દૂ સનાતન ધર્મના દેવતાઓનું મંદિરર છે અને ઈસાઈ ધર્મ હોવાના કારણે પ્રિયંકા વાડ્રાને ત્યાં જવા દેવા જોઈએ નહીં. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને સંબોધિત કરી લખવામાં આવેલા પત્રમાં કહેવામાં આવું છે કે તેમન પૂજા-અર્ચનાની જગ્યા ચર્ચ છે.

અડધી રાત્રે ગોવાનાં નવા મુખ્યમંત્રી પ્રમોદ સાવંતએ લીધા શપથ

પણજી

ગોવામાં મુખ્યમંત્રી મનોહર પર્રિકરના નિધન બાદ તેજીથી રાજનીતિક ઘટનાક્રમમાં બદલાવ આવ્યો. તેના બાદ બીજેપી આલાકમાને પ્રમોદ સાવંતને મનોહર પર્રિકરના ઉત્તરાધિકારી પસંદ કર્યા. પ્રમોદ સાવંત રાજ્યના નવા મુખ્યમંત્રી બન્યા છે. તેમનો શપથ ગ્રહણ સમારોહ સમાચારમાં રહ્યો. સોમવારે દિવસભર ચાલેલી ગરમાગરમી બાદ સાવંતના નામ પર મહોર લાગી હતી. જોકે, તેમના નામ પર સહમતિ બનાવવામાં બીજેપી આલાકમાન અને ખાસ કરીને કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીને બહુ જ મહેનત કરવી પડી હતી. રાત્રે ૧.૫૦ કલાકે પ્રમોદ સાવંતને રાજ્યપાલ મૃદુલા સિન્હાને પદ અને ગુપ્તતાના શપથ અપાવ્યા હતા. રાત્રે ૧.૪૬ કલાકે રાજ્યપાલ મૃદુલા સિન્હા દરબાર હોલ



પહોંચ્યા હતા. રાષ્ટ્રગીત બાદ શપથ ગ્રહણ સમારોહ શરૂ થયો. સૌથી પહેલા પ્રમોદી સાવંતે પદ અને ગુપ્તતાના શપથ લીધા. તેમણે કોંકણી ભાષામાં શપથ લીધા. પ્રમોદ સાવંત બાદ ગોવા ફોરવર્ડ પાર્ટીના વિજય સરદેસાઈએ મંત્રીપદના શપથ લીધા. તેના બાદ મહારાષ્ટ્રવાદી ગોમાંતક પાર્ટીના સુદીન ધવલીકરે પદ અને ગુપ્તતાના શપથ લીધા. વિજય સરદેસાઈ અને સુદીન ધવલીકર રાજ્યના નવા ડેપ્યુટી સીએમ હશે.

આઈએસઆઈએસની ધમકી: ન્યૂઝીલેન્ડમાં મસ્જિદ પર હુમલાનો 'ભયાનક બદલો' લઈશું

ન્યુ દિલ્હી

આતંકી સંગઠન આઈએસઆઈએસ ન્યૂઝીલેન્ડના ક્રાઈસચર્ચ શહેરમાં મસ્જિદ હુમલાનો બદલો લેવાની ધમકી આપી છે. આઈએસઆઈએસ દ્વારા ૪૪ મિનિટનો એક ઓડિયો જાહેર કરવામાં આવ્યો છે. આ ઓડિયોમાં ધમકી આપવામાં આવી છે કે મસ્જિદમાં અમારા ધર્મના લોકો પર કરવામાં આવેલા હુમલાનો બદલો લેવામાં આવશે.

એક ન્યૂઝ વેબસાઈટના રિપોર્ટ પ્રમાણે આતંકી સંગઠન આઈએસઆઈએસનો એક ઓડિયો સામે આવ્યો છે, આ ઓડિયોમાં ન્યૂઝીલેન્ડમાં થયેલા હુમલાનો બદલો લેવાની વાત કરવામાં આવી છે. રિપોર્ટ પ્રમાણે આ ઓડિયો આતંકી સંગઠન આઈએસઆઈએસના પ્રવક્તા અબુ હસન અલ મુહાજીરનો છે, તો ન્યૂયોર્ક ટાઈમ્સના રિપોર્ટ પ્રમાણે અબુ હસન અલ મુહાજીર છેલ્લા છ મહિનાથી અંડરગ્રાઉન્ડ હતો, અચાનક તેના ધમકીભર્યા ઓડિયોથી સુરક્ષાદળો સતર્ક થઈ ગયા છે. ઓડિયોમાં જણાવ્યા પ્રમાણે 'બે મસ્જિદમાં થયેલા હુમલાથી મૂર્ખ લોકોએ જાગવાની જરૂર છે. કારણ કે હુમલો કરનારને તેના ધર્મ તરફથી ઉશ્કેરવામાં આવ્યો છે, ક્રાઈસચર્ચમાં થયેલી કત્લેઆમ જેલી જ કત્લેઆમ છેલ્લા કેટલાક સમયથી સીરિયામાં ચાલી રહી છે. સીરિયાના બધુઝમાં મુસ્લિમોને જીવતા સળગાવી દેવામાં આવી રહ્યાં છે તથા તેમના પર મહાકાય હથિયારોથી કત્લેઆમ કરવામાં આવી રહી છે.'


ઈડીએ જમ્મુ-કાશ્મીરમાં રહેલી ૧૩ સંપત્તિ જપ્ત કરી લીધી

ભારતમાં આતંકીઓ પર તવાઈ: હિઝબુલના પ્રમુખ સલાહુદ્દીનની સંપત્તિઓ જપ્ત

ન્યુ દિલ્હી

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે મંગળવારે વૈશ્વિક સ્તરે પ્રતિબંધિત આતંકી સંગઠન હિઝબુલ મુજાહિદ્દીનના વડા સૈયદ સલાહુદ્દીનની જમ્મુ-કાશ્મીરમાં ૧૩ સંપત્તિઓને જપ્ત કરી લીધી છે. સલાહુદ્દીન પાકિસ્તાનમાં રહે છે અને તે પોતાની આતંકી ગતિવિધિઓનું સંચાલન કરે છે. સલાહુદ્દીન વિરુદ્ધ ચાલી રહેલા ટેરર ફંડિંગ કેસમાં તપાસના સંદર્ભે ઈડીએ આ કાર્યવાહી હાથ ધરી હતી.

તપાસ એજન્સીએ પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ અંતર્ગત બંદીપોરાના રહેવાસી મોહમ્મદ શફી શાહ અને વિસ્તારના ૬ લોકો સાથે જોડાયેલી ૧.૨૨ કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત કરવાનો



પ્રોવિઝનલ ઓર્ડર જાહેર કર્યો છે. આ તમામ લોકો કથિત રીતે આતંકી સંગઠન માટે કામ કરે છે. ઈડીએ જણાવ્યું કે, સલાહુદ્દીન, શાહ અને અન્યો વિરુદ્ધ અનલોફુલ એક્ટિવિટિઝ પ્રિવેન્શન એક્શન એટલે કે ગેરકાયદે ગતિવિધિ નિયંત્રણ કાર્યવાહી હેઠળ ચાર્જશીટને ધ્યાને લેતા મની લોન્ડરિંગનો ગુનાઈત કેસ દાખલ કર્યો છે.

ઈડીએ પોતાના નિવેદમાં જણાવ્યું કે, 'હિઝબુલ મુજાહિદ્દીન કાશ્મીરમાં સૌથી વધુ સક્રિય સંગઠન છે જે આતંકીઓ અને જમ્મુ-કાશ્મીમાં અલગાવવાદી ગતિવિધિઓને પ્રોત્સાહન આપવા માટે ફંડિંગ પુરું પાડે છે. આ સંગઠનો વડો સૈયદ સલાહુદ્દીન પાકિસ્તાનની રાવલપિંડીમાં રહે છે. તે પાકિસ્તાની ગુપ્તચર સંસ્થા આઈએસઆઈ અને ત્યાં સક્રિય અન્ય સંગઠનોના ઓથા હેઠળ જકાર્ત (જમ્મુ અને કાશ્મીર અફેક્ટિસ રિલીફ ટ્રસ્ટ) નામના એક ટ્રસ્ટની આડમાં ભારતીય જમીન પર આતંકવાદ માટે ફંડ પુરું પાડે છે.' ઈડીએ નિવેદનમાં જણાવ્યું કે તપાસમાં જણાયું છે કે 'ટેરર ફંડ'ને ભારતમાં હવાલા તેમજ અન્ય ચેનલ દ્વારા ઘૂસાડવામાં આવે છે. શાહ કથિત રીતે ટેરર ફંડિગના કેસમાં દિલ્હીની તિહાર જેલમાં બંધ છે.





હળવદ ધાંગધ્રા ૬૪ વિધાનસભાની પેટા ચૂંટણી માટે કોંગ્રેસ દ્વારા લેવામાં આવી સેન્સ પ્રકિયા







હળવદ ધાંગધ્રા ૬૪ વિધાનસભા ની પેટા ચૂંટણી માટે કોંગ્રેસદ્વારા લેવામાં આવી સેન્સ ૨૮થી વધુ મુરતીયાઓ મેદાનમાં

હળવદ ધાગ્રાધાં ૬૪ વિધાનસભા ની ચુંટણી માટે ઉમેદવારી નક્કી કરવા રાજકીય પક્ષ દ્વારા સેન્સ પ્રક્રિયા લેવા માં આવી, ત્યારે હળવદ ધાંગધ્રા ૬૪ વિધાનસભાના કોંગ્રેસ ના ધારાસભ્ય પુરસોત્તમ સાબરીયા એ ધારાસભ્ય પદેથી રાજીનામું આપીને ભાજપમાં જોડાઈ ગયા હોઈ હાલ આ વિધાનસભા સીટ માટે પેટા ચૂંટણી થનાર છે. તે માટે કોંગ્રેસ દ્વારા આ સીટ ઉપર કયા ઉમેદવાર ને ટિકિટ આપીએ શકી જેથી તે ઉમેદવાર જીતી શકે. અને કચા ઉમેદવાર માટે કાર્યકર્તાઓની પસંદગી છે. તે બાબત ની જાણકારી લેવા માટે કોંગ્રેસ ના આગેવાનો અનેજિલ્લાના લોકસભાની બેઠકના પ્રભારીબળદેવ ભાઈ લુણી. ગુણવંતભાઈ મકવાણા તેમજ મનુભાઈ પટેલ સુરેન્દ્રનગર જિલ્લા કોંગ્રેસ પ્રમુખ તેમજ જિલ્લા પંચાયત ના પ્રમુખ માજી પ્રમુખ અન્ય આગેવાનો હાજર રહ્યા હતા. ધ્રાંગધ્રા તેમજ હળવદના કોંગ્રેસના આગેવાનો હાજર રહ્યા હતા.અને આ બેઠક ૨૮ થી વધુ દાવેદાર પણ હાજર રહ્યાં હતાં. અને પક્ષ દ્વારા જેની પસંદગી થાય તેને જીતાડવા માટે કામ કરવા તાકીદ કરવામાં આવી હતી. અને સુરેન્દ્રનગર લોકસભા નાએ ધ્રાંગધ્રા વિધાનસભા પણ કોંગ્રેસ જીતશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

દાવેદારો : ડો,કે,એમ,રાણા, હેમાંગભાઈ રાવલ ત્રિસાર પટેલ મનસુખભાઈ પટેલ ગીતાબેન પટેલ કિશોરભાઈ ચીખલીયા દિનેશ પટેલ ,કુલદીપ સિંહ ઝાલા,બકાભાઈ ત્રિવેદી દિનેશભાઈ પટેલ કાંતિલાલ બાવરવા મુકેશભાઈ ગામી, વગેરે હળવદ ધાગ્રાધાં મોરબી ના ૨૮ થી વધુ ઉમેદવારોએ પોતાની દાવેદારી નોંધાવી હતી.

વિદેશી દારૂની બોટલ સાથે એક ઈસમને પકડી પાડતી પાળીયાદ પોલીસ



રૂ.૭૪,૪૦૦ નો મુદ્દામાલ કબ્જે કરાયો

બોટાદ જીલ્લાના પોલીસ વડા હર્ષદ મહેતા તેમજ વિભાગીય પો.અધિ. આર.એન.નકુમની સુચના અને માર્ગદર્શન હેઠળ હાલમાં લોકસભા ચુંટણી-૨૦૧૯ અનુંસંધાને પ્રોહિ ડ્રાઈવ અનુંસંધાન દરમ્યાન પાળીયાદ પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સપેટકર એન.સી.સગર તથા પોલીસ સ્ટાફના માણસો હે.કો.સંજયભાઈ બાવળીયા, હે.કો રસીકભાઈ હાંડા, પો.કો કૌશિકભાઈ સોરઠીયા, પો.કો. મહેન્દ્રસિંહ ગોહિલ દ્વારા નાઈટ રાઉન્ડ દરમ્યાન પો.કો કૌશિકભાઈ સોરઠીયા તથા પો.કો મહેન્દ્રસિંહ ગોહિલ ને સંયુકત બાતમી ને આધારે સરવા ગામના પાટીયા પાસે સેવરોલેટ કંપનીની ફોર વ્હીલ જેના રજી નંબર જી.જે.૦૫.સી.કે.૪૬૨૩ માંથી ભારતીય બનાવટનો રોયલ સીલેકટ કંપનીનો ઈગ્લીશ દારૂ બોટલો નંગ-૫ આરોપી દલસુખભાઈ ઉર્ફે દલો અંબારામ સાતનીયા રહે.વાંગધ્રા પ્લોટ વિસ્તાર તા.વીછીયા વાળાની પાસેથી કબ્જે કરી ઈગ્લીશ દારૂ બોટલો નંગ-૫ કિ.રૂ.૧૫૦૦ તથા ફોર વ્હીલ કિ.રૂ.૭૦૦૦૦ તથા મોબાઈલ નંગ-૧ કિ.રૂ.૨૦૦૦ તથા રોકડા રૂપિયા ૯૦૦ એમ કુલ મુદામાલ કિ.રૂ.૭૪,૪૦૦ સાથે પકડી પાડી ઈસમ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરેલ છે.


સાવધાન: ફેસબુક વોટ્સએપ, ટ્વીટર પર હથિયાર સાથેના ફોટા જેલયાત્રા કરાવશે



આગામી લોકસભા સામાન્ય ચુંટણી-૨૦૧૯ ન્યાયિક અને ભયમુક્ત વાતાવરણમાં યોજાય તે અન્વયે ભાવનગર રેન્જના નવ નિયુક્ત નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી અશોક કુમાર સાહેબ IPS નાઓ ધ્વારા ભાવનગર, અમરેલી, બોટાદ જીલ્લાની જાહેર જનતાને અપીલ કરવામાં આવે છે કે, અમુક અસામાજીક તત્વો ધ્વારા રિવોલ્વર, બંદુકો, પિસ્ટલ જેવા જોખમી હથિયારોથી લગ્નના વરઘોડામા, જાહેર ડાયરામાં, જાહેર સભામાં, જન્મદિવસની ઉજવણી નિમિત્તે, પોતાની પાસેના હથિયારથી કે બીજા પાસેથી હથિયાર લઈ તે હથિયાર સાથેના ફોટોગ્રાફ્સ, વિડીયો ક્લિપ બનાવે છે અને સોશ્યલ મિડીયા જેવા કે, ફેસબુક, વોટ્સએપ અને ટ્વીટર જેવા માધ્યમોથી લોકો પોતાના ડીસ્પ્લે પિક્ચર/પ્રોફાઈલ પીકચર/વોલ ઉપર હથિયાર સાથેના ફોટોગ્રાફ્સ અપલોડ/વાઈરલ કરીને ફોટો/વિડીયો વાઈરલ કરવાનું ગર્વ અનુભવે છે, જેના કારણે આમ નાગરીકોની શારીરિક સલામતિ જોખમમાં મુકાય એવા બેફામ અને બેદરકારીથી કૃત્ય કરવાના કારણે વ્યથા, મહાવ્યથા તેમજ મનુષ્યની જીંદગી જોખમમાં મુકાય તેવું કૃત્ય કરવામાં આવશે તો Indian Penal Code ૧૮૬૦ તથા આર્મ્સ એક્ટ ૧૯૫૯ મુજબ ગુન્હા દાખલ કરી ધરપકડ કરવામાં આવશે, તાજેતરમા અમરેલી જીલ્લાના રાજુલા પોલીસ સ્ટેશનમાં સે.ગુ.ર.નં.૩૩/૧૯ આર્મ્સ એક્ટ ૨૫(૧-બી)એ મુજબ શ્રી સરકાર તરફે શ્રી અજયભાઈ ખુમાણ રહે-ગામઃ વડ, તાઃ રાજુલા વિરૂધ્ધમાં ગુન્હો દાખલ કરી ધરપકડ કરવામાં આવેલ છે. આ અંગે ભાવનગર રેન્જ હેઠળના ત્રણેય જીલ્લા ભાવનગર, અમરેલી અને બોટાદ માં આવી રીતે કેટલા લોકો ધ્વારા આવા પ્રકારના ફોટા અપલોડ કરવામાં આવેલ છે તે શોધી કાઢવા માટે ભાવનગર રેન્જના સાયબર સેલને સક્રિય કરવામાં આવેલ છે અને ભાવનગર રેન્જ સાયબર સેલ ધ્વારા આવા ૨૦ ફેસબુક એકાઉન્ટ શોધી કાઢવામાં આવેલ છે કે જેના ઉપર આવા પ્રકારના ફોટા અપલોડ કરવામાં આવેલ છે અને શ્રી અશોક કુમાર સાહેબ, નાયબ પોલીસ મહાનિરીક્ષક, ભાવનગર વિભાગ, ભાવનગર ધ્વારા આ તમામ લોકો વિરુધ્ધમાં કાયદેસર કાર્યવાહી કરવા માટેના અત્રેથી આદેશ જારી કરેલ છે. જેથી આવા સોશ્યલ મિડીયાના ફેસબુક, વોટ્સએપ અને ટ્વીટર જેવા માધ્યમોથી સસ્તી પ્રસિધ્ધી મેળવવાની અપરાધિક માનસિકતા ધરાવતા યુવાનોને આવી પ્રવૃતિ ન કરવા માટે જાહેર અપીલ કરેલ છે.

ટીકરમાં તસ્કરોના ધામા : છેલ્લા અઠવાડિયામાં ૫ દુકાનોના તાળા તુટયા : પથંકમાં ગઠિયા બેખૌફ બન્યા





મોબાઈલની દુકાનમાં ચોરી કરવા જતા ચોર સીસી ટીવી કેમેરામાં કેદ

હળવદ પંથકમાં છેલ્લા કેટલાક સમયથી કાયદો-વ્યવસ્થા કથળેલી સ્થિતિમાં હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે પંથકમાં તસ્કરો બેફામ બની ગયા છે ચોરીની એક બાદ એક ઘટના બની રહી છે તાજેતરમાં જ હળવદ શહેરમાં ધોરા દિવસે પૈસા લૂંટવાનો બનાવ બન્યો હતો ,પરતુ લોકોની જાગુતના કારણે ચોર ને પકડી જાહેર માં સરભરા કરી હી,જેની હજી શાહી સુકાઈ નથી ત્યાં હળવદ તાલુકાના ટીકર ગામમાં તસ્કરોએ તરખાટ મચાવી દીધો છે અઠવાડિયામાં પાંચ જેટલી દુકાનોના તાળા તૂટ્યા છે તસ્કરો બેફામ બની ચોરીને અંજામ આપી રહ્યા છે છતાં તંત્ર કુંભકર્ણ નિદ્રામાં પોઢી રહ્યું છે તેવુ લોકો માં ચર્ચાય રહયુ છે.

હળવદ તાલુકાના ટીકર ગામે છેલ્લા એક અઠવાડિયામાં પાંચ દુકાનના તાળા તુટ્યા હતા જોકે આ ચોરીમાં કોઈ મોટી રકમ કે માલમતાની ચોરી નથી થઈ પરંતુ સોમવાર રાત્રીના લલીતભાઈ દલવાડી ની મોબાઈલ દુકાન પર સટર નુ તાળુ તોડી ચોરી કરવા જતા શખ્સ (ચોર) સીસીટીવી કેમેરામાં કેમ થઈ ગયો છે ટીકર પંથકમાં ચિંતાજનક રીતે ચોરીના બનાવો બનવા લાગ્યા છે ચોરીના બનાવતી લોકો માં ચકચાર મચી જવા પામી છે અંદાજિત રોકડા રૂપિયા અને માલસામાન કુલર ૮૦૦રૂપિયા જેટલા ની ચોરી થયાનું લલિતભાઈ દલવાડી જણાવ્યું હતું. જ્યારે હળવદ શહેર માં સોમવારે બપોરના ભર બજારે મેન રોડ પર પૈસા લઈને ભગવાનનો એક બનાવ બન્યો હતો જેમાં લોકો ની જાગુત ના કારણે ચોરને પકડી ને જાહેરમાં સરભરા કરી હતી , ચોરી કરતી ગેંગ સકીય છે છાસવારે આવા બનાવો બને છે, હળવદ શહેર અને ગ્રામ્ય પંથકમાં દિનપ્રતિદિન આવા બનાવો વધતા જાય છે હળવદ શહેર પથંકમાં કથળેલી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ને લઈને અનેક સવાલો ઉઠયા છે.

ત્રણ બોગસ ડોક્ટરો ને પકડી પાડતી એસ.ઓ.જી સુરેન્દ્રનગર પોલીસ



આજરોજ સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ અધિક્ષક મહેન્દ્ર બગડીયા ના માર્ગદર્શન હેઠળ તથા એસ.ઓ.જી.ના. પોલીસ ઈન્સ્પેક્ટર એફ.કે.જોગલ, ની સૂચના મુજબ એસ.ઓ.જી પો.સ.ઈ. એસ.બી. સોલંકી, તથા એ.એસ.આઈ. રણજીતસિંહ પરમાર, ઘનશ્યામભાઈ મસીયાવા, તથા હેડ.કો. મહિપતસિંહ, યોગેન્દ્રસિંહ, હસમુખભાઈ તથા દ્રા. પો.કોન્સ. વિજયભાઈ વિ. ના ઓ ખાનગી રાહે હકીકત મળેલ કે પાણસીણા પોલીસ સ્ટેશન વિસ્તાર માં રાણાગઢ ગામ મા અલગ અલગ વિસ્તાર મા ગેર કાયદેસર રીતે કલીનીક મા પ્રેક્ટિસ કરતા ડોક્ટરો (૧) સુજોય શ્રીપતિ બીશ્વાસ રહે. રાણાગઢ, તા.લીબડી, મુળ રહે . ઉત્તર બલિયા દાંગા, તા. બગદાહ, જી. નોર્થ, ૨૪, પ્રરગણા, (૨) શીબુપદા અબીનશ બીસવાસ, રહે. રાણાગઢ, તા. લીંબડી, મૂળ રહે. તેન્તુલિયા પૂર્વ બાપરા બંગલાની, તા.સ્વરૂપ નગર, જી. નોર્થ, ૨૪, પરગણા, વેસ્ટ બંગાળ, (૩) હિમંતભાઈ ભાવુભાઈ નાયક, રહે. રાણાગઢ, તા. લીબડી. જી. સુરેન્દ્રનગર, મૂળ રહે. સુથારવાસ, મટોડા, તા. સાણંદ, જી.અમદાવાદ, વાળાઓ પોતે ડોક્ટરો ના હોવા છતાં કોઈ પણ જાતનું તબીબ સારવાર કરવા અંગે નું સર્ટી ધરાવતા ના હોવા છતાં સામાન્ય લોકો મા ડોક્ટર તરીકે જાહેર કરી ઘણા વર્ષોથી પ્રેક્ટીસ કરતા હોય જે આજરોજ રેડ દરમિયાન એલોપેથી દવા ઓ તથા સાધનો કુલ કિંમત રૂપિયા ૬૮, ૧૪૩.૩૭/- ના મુદ્દામાલ સાથે મળી આવેલ હોય મજકુર ત્રણેય ઈસમો વિરુધ્ધ પાણસીણા પોલિસ સ્ટેશન મા ધોરણસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

અનઅધિકૃત સભા-સરઘસ કાઢવા પર પ્રતિબંધ ફરમાવતુ સત્તાધિશનું જાહેરનામું

તા.૧૩'મી મે સુધી ફરમાનનું ચુસ્ત પણે પાલન કરવું

વ્યારા

આગામી ૨૩મી, એપ્રિલના રોજ લોકસભાની સામાન્ય ચૂંટણી અને તા. ૨૩/૦૫/૨૦૧૯ના રોજ મતગણતરી કરવાનું નકકી થયેલ છે. જે અંતર્ગત આદર્શ આચારસંહિતા અમલમાં આવતા તાપી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે અને જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય એ માટે તાપી જિલ્લાના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ બી.બી. વહોનિયાએ એક જાહેરનામું બહાર પાડીને અનધિકૃત સભા સરઘસ ઉપર પ્રતિબંધ મુકયો છે.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ તરફથી બહાર પાડવામાં આવેલા જાહેરનામા અનુસાર કોઇપણ વ્યક્તિએ તા. ૧૪/૦૩/૨૦૧૯થી તા. ૧૩/૦૫/૨૦૧૯ સુધીના સમયગાળા દરમિયાન (બંને દિવસો સહિત) સક્ષમ અધિકારીની પરવાનગી વિના કોઇ સભા બોલાવવી નહિં કે સરઘસ કાઢવું નહિં. કોઇ પણ રાજકીય પક્ષો કે ઉમેદવારો દ્વારા સભા સરઘસનું આયોજન કરતા પહેલા સક્ષમ અધિકારીની પરવાનગી મેળવવાની રહેશે. ઉમેદવાર ઉમેદવારીપત્રો ભરવા કે ઉમેદવારી પત્રોની ચકાસણીમાં કે ચૂંટણી પ્રતિકની ફાળવણી પ્રક્રિયામાં હાજરી આપવા માટે ચૂંટણી અધિકારીશ્રીની કચેરીમાં જાય ત્યારે મોટા સરઘસ સ્વરૂપે જવું નહિં. જયાં એક પક્ષે સભા યોજી હોય એવા સ્થળોએ બીજા પક્ષે સરઘસ લઇ જવું નહિં કે ખલેલ પહોંચાડવી નહિં. ચૂંટણી સભા, સરઘસ અને રેલીમાં સ્થાનિક કાયદા અને અમલમાં હોય તે પ્રતિબંધક હુકમને આધિન ધ્વજ, બેનર્સ, કે કટ આઉટ રાખી શકાશે. આવા સરઘસમાં પક્ષે/ઉમેદવારે પુરા પાડેલ ટોપી, માસ્ક, સ્કાર્ફ વગેરે પહેરી શકાશે. પરંતુ પક્ષે પુરા પાડેલા સાડી/શર્ટ જેવા મુખ્ય વસ્ત્રો પહેરી શકાશે નહિં.

આ હુકમ લગ્નના વરઘોડા, સિનેમા, ટાઉનહોલમાં, સ્મશાન યાત્રામાં, એસ.ટી.બસમાં, રેલવેમાં મુસાફરી માટે કે મંદિર, મસ્જીદ કે દેવળમાં પ્રાર્થના માટેના શુદ્ધ આશયથી જતી વ્યક્તિઓને લાગુ પડશે નહિં. સક્ષમ અધિકારીએ આપેલ સભા/સરઘસની પરવાનગીથી યોજાતા સભા/સરઘસમાં જતી, ભાગ લેતી વ્યકતિઓને લાગુ પડશે નહિં. આ હુકમ તા. ૧૪/૦૩/૨૦૧૯થી તા. ૧૩/૦૫/૨૦૧૯ સુધીમાં અમલી રહેશે. હુકમનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

વસંતના વૈભવને વધાવતા રંગોત્સવમાં પ્રેમી પંખીડાઓનું પુનઃ મિલન થયુ

હિંદુ ધર્મમાં ઉજવવામાં આવતા દરેક તહેવારોનું ધાર્મિક મહત્વ તો હોય જ છે સાથે વૈજ્ઞાનિક મહત્વ પણ હોય છે. વાત જો હોળી ધુળેટીના તહેવારની કરવામાં આવે તો તેનુ પણ ધાર્મિક મહત્વની સાથે વૈજ્ઞાનીક મહત્વ છે જ. એવું દ્રઢ પણે માનવામાં આવે છે કે હોળી ધુળેટીના તહેવારમાં મનુષ્યના મનના વિકારો દુર થઈ જાય છે અને હોળીના રંગોની માફક મન પ્રફુલ્લિત બની જાય છે. ભારતમાં ઉજવવામાં આવતા દરેક તહેવારનો મિજાજ કંઈક અલગ જ હોય છે. તેમાં પણ હોળી ધુળેટીના તહેવારની તો પખવાડીયા પહેલાથી તૈયારીઓ શરૂ કરી દેવામાં આવે છે. વર્ષોથી અબોલા હોય, ઝગડો થયો હોય કે દુશ્મનાવટ હોય તો પણ હોળી ધુળેટીના તહેવારમાં તમામ લોકો મતભેદની સાથે મનભેદ ભુલીને પ્રેમના રંગે રંગાઈ જાય છે અને વસંતના વૈભવને વધાવતા રંગોત્સવમાં મસ્ત બની જાય છે.

કોલેજના શરૂઆતના દિવસોમાં શ્રેયા નામની હસમુખી, હેતાળ યુવતી અભ્યાસમાં પુરતુ ધ્યાન આપી રહી છે અને અભ્યાસ સિવાયની કોઈ પણ પ્રવૃતિમાં સામેલ થતી નથી. શ્રેયા કોઈની સાથે ઝડપથી વાતચીત પણ કરવાનું ટાળી રહી છે. કોલેજમાં સાથે અભ્યાસ કરતા નિલયનો સ્વભાવ પણ શ્રેયા જેવો જ છે. એટલે સહજ રીતે શ્રેયા અને નિલયની મિત્રતા થઈ જાય છે. કોલેજમાં શ્રેયા, નિલય સાથે જોવા મળી રહ્યા છે અને સાથે ખુશી વહેચી રહ્યા છે. પરંતુ કોલેજના કેટલાક ઈર્શાળુ લોકોને શ્રેયા તથા નિલયની નિકટતા પસંદ આવતી નથી અને સતત તેમની ઈર્ષા કર્યા કરે છે. કોલેજમાં હોળી ધુળેટીનો તહેવાર ધામધુમથી ઉજવવાનું નક્કી કરવામાં આવતા શ્રેયા નિલય ખુબ હરખાઈ જાય છે. કોલેજમાં રંગોત્સવની ઉજવણી શરૂ કરવામાં આવે તે પહેલા શ્રેયા પુછે છે કે નિલય હોળીના તહેવારનું ધાર્મિક મહાત્મય શુ છે ત્યારે નિલયે કહ્યુ કે, ''ધાર્મિક માન્યતાઓ અનુસાર હોળીના તહેવાર સાથે અનેક પુરાણીક કથાઓ જોડાયેલી છે. હિરણ્યકશ્યપ એ દાનવોનો રાજા હતો અને તેને આકરૂ તપ કરવાથી બ્રહ્માજીએ વરદાન હતું કે તે 'દિવસે કે રાત્રે, ઘરની અંદર કે બહાર, ભુમિ પર કે આકાશમાં, માનવ દ્વારા કે પ્રાણી દ્વારા, અસ્ત્ર કે શસ્ત્ર દ્વારા કશાથી તેનું મૃત્યુ થશે નહીં', આ વરદાનને કારણે હિરણ્યકશ્યપ લગભગ અમર બની ગયો કે તેને મારવો તે લગભગ અસંભવ થઈ ગયું હતુ. જેના કરણે હિરણ્યકશ્યપ અભિમાની અને અત્યાચારી બની ગયો હતો. હિરણ્યકશિપુએ સ્વર્ગ અને પૃથ્વિ પર આતંક મચાવી દીધો હતો. હિરણ્યકશ્યપએ ઈશ્વરને પૂજવાનું પણ બંધ કરાવ્યું અને પોતાની પૂજા કરાવવાનું શરૂ કરી દીધુ હતુ. પરંતુ હિરણ્યકશ્યપનો પોતાનો પૂત્ર પ્રહલાદ ભગવાન વિષ્ણુનો પરમ ભક્ત હોય છે જે હિરણ્યકશ્યપને પસંદ પડતુ નથી. હિરણ્યકશ્યપએ ભક્ત પ્રહલાદને અનેક પ્રકારના પ્રલોભનો તથા બીક બતાવી તેમણે ઈશ્વર ભક્તિથી દુર કરવાના પ્રયત્નો કર્યા હતો પરંતુ પ્રહલાદ ડગ્યા નહી, પોતાની ભક્તિ ચાલુ રાખી હતી. હિરણ્યકશ્યપએ પ્રહલાદને મારવા માટે પણ કંઈ કેટલા ઉપાય કર્યા હતા, પરંતુ ઈશ્વરકૃપાથી તે દરેક વખતે નિષ્ફળ રહ્યો હતો. અંતે પ્રહલાદને મારવાનાં ઉદેશથી હિરણ્યકશ્યપએ બાળક પ્રહલાદને પોતાની બહેન હોલિકાનાં ખોળામાં બેસાડીને અગ્નિપરિક્ષા આપવાનો ક્રુર આદેશ આપ્યો હતો. હોલિકા પાસે એક એવી ઓઢણી હતી કે તેને અગ્નિ પણ બાળી શકે નહીં. પ્રહલાદે પિતાની આજ્ઞાનું અક્ષરસહ પાલન કર્યું અને



ભગવાન વિષ્ણુને પોતાનો જીવ બચાવવા માટે પ્રાર્થના કરી હતી. જ્યારે અગ્નિ પ્રગટાવવામાં આવ્યો ત્યારે ચમત્કારીક ઓઢણી હોલિકાનાં મસ્તક પરથી ઉડી અને પ્રહલાદને વિંટળાઇ


તસવીર પ્રતિકાત્મક છે

જાય છે. હોલિકા અગ્નિમાં બળી ને ખાખ થઈ જાય છે અને ભક્ત પ્રહલાદ ભગવાન વિષ્ણુની ભક્તિના કારણે હેમખેમ રહે છે. હોલિકાનું દહન થયું તે ઘટના હોળી ઉત્સવનું કારણ બની છે.''

તો પછી હિરણ્યકશ્યપનો વધ કરી રીતે થયો હતો તેવો શ્રેયાએ પ્રશ્ન કર્યો ત્યારે નિલયે કહ્યુ કે ''ભગવાન વિષ્ણુ દ્વારા હિરણ્યકશ્યપનો વધ કરવામાં આવ્યો હતો અને આ કથા ખુબ જ પ્રચલીત છે. ભગવાન વિષ્ણુએ નૃસિંહ અવતાર એટલે કે ભગવાનનું અડધું શરીર મનુષ્યનું અને અડધું સિંહનુ શરીર ધારણ કરીને બરાબર સંધ્યા સમયે, ઘરનાં ઉંમરાની વચ્ચે, પોતાનાં ખોળામાં આડો પાડીને, નખ દ્વારા ચીરી નાખી, હિરણ્યકશ્યપનો વધ કર્યો હતો. ત્યારથી હોળીના તહેવારને આસુરી શક્તિઓ પર દૈવી શક્તિઓના વિજયના પ્રતિક તરીકે ઉજવવામાં આવે છે.'' કોલેજમાં શ્રેયા નિલય સહિતના મિત્રો દ્વારા રંગોત્સવની ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવે છે. પરંતુ શ્રેયા નિલયના પ્રેમને તોડવા માટે કોલેજમાં ષડયંત્રો રચવામાં આવે છે અને જાણે અજાણે શ્રેયાનો નિલય પરથી વિશ્વાસ ડગી જાય છે. આંખ બંધ કરીને નિલય પર વિશ્વાસ કરતી શ્રેયા હવે નિલય તરફ શંકાની નજરથી જોવા લાગી છે. થોડા દિવસોમાં નિલય પણ સમજી જાય છે કે નક્કી શ્રેયા કોઈના કહેવામાં આવી ગઈ છે એટલે આવુ વર્તન કરી રહી છે. નિલય શ્રેયાને સમજાવવા માટે અને વિશ્વાસ અપાવવા માટે અનેક પ્રયાસો કરે છે પરંતુ નિલયને નિષ્ફળતા મળે છે. એક દિવસ એવો પણ આવે છે કે કોલેજના કેમ્પસમાં કેટલાક યુવકો દ્વારા શ્રેયાની મસ્કરી કરવામાં આવે ત્યારે શ્રેયા તેમ જ સમજે છે કે આ નક્કી નિલયના મિત્રો છે અને મને હેરાન કરવા માટે તેમને નિલયે મોકલ્યા છે. શ્રેયા આ યાદ રાખે છે અને થોડી વારમાં જેવો નિલય આવે છે અને શ્રેયા સાથે વાત કરવાનો પ્રયત્ન કરે છે ત્યારે શ્રેયા ગુસ્સા સાથે સ્પષ્ટ કહી દે છે કે નિલય હું તો તને ભુલી જઈશ અને તું પણ મને ભુલી જજે. તે મારા પ્રેમની મશ્કરી કરી છે એ મને સહેજ પણ પસંદ નથી. તારે મને જે કહેવુ હતુ તે કહી શક્યો હોત અને તને કોઈ બીજી યુવતી ગમતી હશે તો તું તેની સાથે રહી શકે છે. જ્યારે નિલય જવાબ આપવા જાય છે ત્યાં તો શ્રેયા હવે આપણે સાથે નહી રહી શકીએ તેમ કહીને ત્યાંથી નિકળી જાય છે. નિલય કાંઇ સમજી શકતો નથી કે શ્રેયાએ આવુ વર્તન કેમ કર્યુ હશે અને મને છોડીને કેમ જતી રહી? પરંતુ નિલયની અચાનક નજર રોહન અને તેના મિત્રો પર પડે છે કે તેઓ ખડખડાટ હસી રહ્યા છે. નિલય સમજી જાય છે કે રોહન અને તેના મિત્રોએ જ આ ષડયંત્ર રચ્યુ છે પરંતુ હવે એ પ્રશ્ન થાય છે કે આ વાતનો શ્રેયાને કઈ રીતે વિશ્વાસ અપાવવો. નિલય પણ એક યુક્તિ વિચારે છે અને તે પ્રમાણે કામકરવાનું શરૂ કરે છે. નિલય યોજના પુર્વક પરીક્ષા પુર્ણ થયા પછી સતત છ મહીના સુધી કોલેજ આવતો નથી. શ્રેયા સહિતના બધા લોકો તો એમ જ સમજે છે કે નિલય હવે ક્યારેય કોલેજમાં નહી આવે. કોલેજમાં સતત બીજા વર્ષે રંગોત્સવના તહેવારની ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવે છે. જેની જાણ નિલયને થતા તે ખુબ જ હરખાઈ જાય છે અને નિલય શ્રેયાની ખાસ બહેનપણીને મળવા માટે બોલાવે છે પરંતુ તે નિલયને મળવા આવવાની ના પડી દે છે. અનેક વખતના પ્રયત્નો પછી શ્રેયાની મિત્ર નિલયને મળવા આવે છે અને નિલય જે વિડીયો ફુટેઝ બતાવે છે તે જોઈને ખુબ જ રડવા લાગે છે. શ્રેયાની મિત્ર કહે છે કે હું રોહનના કારનામાં કોલેજના રંગોત્સવમાં ખુલ્લા પાડીશ અને પ્રેમી પંખીડોઓને એક કરીશ. કોલેજમાં રંગોત્સવના પ્રારંભ પુર્વે મોટી સ્ક્રીન પર વિડીયો બતાવવામાં આવે છે કે રોહને કઈ રીતે ષડયંત્ર રચીને શ્રેયાને નિલયથી દુર કરી. નિલયે સતત છ મહીના સુધી રોહનના કારનામા રેકોર્ડ કર્યા હતા. આ જોઈને રોહન તો સ્તબ્ધ થઈ જાય છે. શ્રેયા હાથમાં રંગ લઈને દોડીને નિલયને રંગે છે અને ભેટી પડે છે. વસંતના વૈભવને વધાવતા રંગોત્સવમાં પ્રેમી પંખીડાઓનું પુનઃ મિલન થાય છે. (તસવીર સૌજન્ય ડો.શ્રધ્ધા પાટીલ)

કેન્દ્રીય મંત્રી રવિશંકર પ્રસાદનો કોંગ્રેસ પર આડકતરી રીતે પ્રહાર

જે લોકોની સંપત્તિ અને પાર્ટી સંકટમાં છે, તેને 'હું પણ ચોકીદાર' કેમ્પેનથી મુશ્કેલી



ન્યુ દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'હું પણ ચોકીદાર' કેમ્પેનને લઈને ભાજપે પ્રેસ કોન્ફરન્સ કરી. કેન્દ્રીય મંત્રી રવિશંકર પ્રસાદે કહ્યું કે આનાથી કેટલાંક લોકોને પરેશાની છે. તમે મોદીજીને પ્રેમ કરતાં હોત તો તમે પણ ચોકીદાર બની જાત. જે લોકો જામીન પર છે તેઓને આનાથી પરેશાની છે. જેમની સંપત્તિ અને પાર્ટી સંકટમાં છે તેઓને પરેશાની છે. જે પોતે પોતાના પરિવાર સહિત વિભિન્ન કાર્યવાહીનો સામનો કરી રહ્યાં છે તેઓને પરેશાની છે. જેમની પાસે છુપાવવા માટે ઘણું બધું છે, તેઓને પરેશાની છે. કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે, 'હું પણ ચોકીદાર'ને ૨૦ લાખ લોકોએ ટ્વીટ કર્યું છે. ૧૬૮૦ કરોડ લોકો સુધી તેની ઈમ્પ્રેશન પહોંચી છે. એક કરોડ લોકોએ સોશિયલ મીડિયા અને નમો એપ પર પ્લેસ કર્યું છે કે હું પણ ચોકીદાર છું. જે વીડિયો હતો તેને સોશિયલ મીડિયા પર પણ એક કરોડ લોકોએ જોયું. હું પણ ચોકીદાર તે વર્લ્ડવાઈડ ટ્રેન્ડ હતું. ભારતમાં છેલ્લાં બે દિવસથી આ શબ્દ ટ્રેન્ડ થઈ રહ્યો છે. હું પણ ચોકીદારની સાથે ડોકટર, પ્રોફેશનલ્સ, સીએ, એન્જિનિયર, યુવા, મહિલાઓ સહિતના લોકો જોડાય રહ્યાં છે.

"આજે આપણે તે વાત કરવી જોઈએ કે તમારી પાસે છુપાવવા માટે કંઈ જ નથી તો તેનાથી જોડાય જાવ. કેટલાંક લોકો ટિપ્પણી કરી રહ્યાં છે કે ચોકીદાર અમીરોના હોય છે, ગરીબો માટે નહીં. હવે તેમને કોણ જણાવે કે જે લોકોએ ૧૨ લાખ કરોડ ગરીબોને લૂંટ્યા, તેમની ચોકીદારી કોણ કરશે. જે લોકો સુખ સુવિધા અને વિલાસિતામાં જન્મયાં છે તેઓને આ વાતની જાણ કઈ રીતે થાય. જો કોઈ સ્વચ્છતાકર્મી સારું કામ કરે છે તો તે સ્વચ્છતાની ચોકીદારી કરી રહ્યો છે. સૈનિક જે સરહદની રક્ષા કરી રહ્યાં છે તે દેશની ચોકીદારી કરી રહ્યાં છે."

માયાવતીનો પીએમ મોદીને ટોણોઃ પહેલા ચાવાળો અને હવે ચોકીદાર, દેશ બદલાઈ રહ્યો છે

લખનઉ

માયાવતીએ ટ્વીટમાં લખ્યું કે, "'સાદું જીવન, ઉચ્ચ વિચાર'થી વિરુદ્ધ શાહી શૈલીમાં જીવન જીવનારી જે વ્યક્તિએ છેલ્લી લોકસભા ચૂંટણીમાં વોટ માટે પોતાને ચાવાળો પ્રચારિત કર્યો હતો, તે હવે પોતાને ચોકીદાર બનાવી રહ્યો છે."

લખનઉઃ તાજેતરમાંજ વડા પ્રધાન મોદી દ્વારા શરૂ કરવામાં આવેલા 'મૈં ભી ચોકીદાર' અભિયાન અંગે બહુજન સમાજ પાર્ટીના સુપ્રીમો માયાવતીએ મંગળવારે ટોણો મારતા જણાવ્યું કે, છેલ્લી લોકસભા ચૂંટણીમાં 'ચાવાળો' અને હવે 'ચોકીદાર'..., ખરેખર દેશ બદલાઈ રહ્યો છે. ત્યાર બાદ સપા અધ્યક્ષ અખિલેશ યાદવે પણ ચોકીદારના મુદ્દે સરકાર પર નિશાન સાધ્યું હતું. માયાવતીએ ટ્વીટ કરી કે, "'સાદું જીવન, ઉચ્ચ વિચાર'થી વિરુદ્ધ શાહી શૈલીમાં જીવનારી જે વ્યક્તિએ છેલ્લી લોકસભા ચૂંટણીમાં વોટ માટે પોતાને 'ચાવાળા' તરીકે પ્રચારિત કર્યોહતો, તે હવે આ ચૂંટણીમાં વોટ માટે તામઝામ અને શાન સાથે ખુદને 'ચોકીદાર' સાબિત કરી રહ્યો છે. દેશ ખરેખર બદલાઈ રહ્યો છે." આ બાજુ સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવે મંગળવારે ટ્વીટ કરીને કહ્યું કે, "વિકાસ પુછી રહ્યો છે કે ખાતરની બોરીમાંથી ચોરી રોકવા માટે પણ કોઈ ચોકીદાર છે?" બીજી ટ્વીટમાં અખિલેશ યાદવે જણાવ્યું કે, "વિકાસ પુછી રહ્યો છે કે, જનતાના બેંક ખાતામાંથી પાછલા દરવાજે જે પૈસા ખેંચવામાં આવી રહ્યા છે, તેને બચાવવા માટે કોઈ ચોકીદાર છે કે શું?" ત્રીજી ટ્વીટમાં તેમણે જણાવ્યું કે, "વિકાસ પુછી રહ્યો છે કે, મંત્રાલયમાંથી વિમાનની ફાઈલ ચોરી થવા માટે જવાબદાર લાપરવાહ ચોકીદારને સજા મળી કે નહીં?"

મિશન પૂર્વોત્તરમાં રાહુલ ગાંધી, ઈટાનગરમાં મોટી જનસભાને સંબોધી

ચોરી પીએમ મોદીએ કરી, તો આખો દેશ ચોકીદાર કેમ બને..?!!: રાહુલ ગાંધી

અમારી સરકાર આવશે, તો જીએસટીને સરળ કરી દેશું

ઈટાનગર

લોકસભા ચૂંટણી માટે તમામ રાજકીય દળો એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. કોંગ્રેસ અને ભારતીય જનતા પાર્ટીના નેતા સતત દેશભરમાં રેલીઓ અને પ્રવાસ કરી રહ્યા છે અને વોટરોને લોભાવવાના પ્રયાસ કરી રહ્યા છે. કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી મંગળવારે પૂર્વોત્તર ઈટાનગરમાં જનસભાને સંબોધિ. આ સભા દરમિયાન તેઓ



પીએમ મોદીને ઘેર્યા.

અરુણાચલ પ્રદેશના ઈટાનગરમાં કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ મોટી જનસભાને સંબોધિત કરી છે. રાહુલ ગાંધીએ કહ્યું કે, નરેન્દ્ર મોદીએ દેશમાં બળજબરીથી મોડી રાતે જીએસટી લાગુ કરવાનું નાટક કર્યુ હતુ. જે ગબ્બર સિંહ ટેક્સ છે. પીએમ મોદી જનતાના ખિસ્સામાંથી તેમના જ પૈસા ઉડાવી ગયા. રાહુલે કહ્યું કે, અમારી સરકાર આવશે, તો જીએસટીને સરળ કરી દેશે. રાહુલ ગાંધીએ ફરી એકવાર અહીં 'ચોકદાર જ ચોર છે'ના નારા લગાવ્યા છે. રાહુલે કહ્યું કે ૩૦ હજાર કરોડ રૂપિયાની ચોરી તમે કરી અને તમારા મિત્ર અનિલ અંબાણીનું ખિસ્સુ ગરમ કર્યું. પરંતુ તમે આખા દેશને ચોકીદાર શા માટે બનાવી રહ્યા છો. રાહુલ ગાંધીએ કહ્યું કે, પુલવામા આતંકી હુમલાના ગુનેગારને ચીને બચાવી લીધો આ તે જ ચીન છે જેના રાષ્ટ્રપતિ સાથે પીએમ મોદી ઝુલા ઝુલી રહ્યા હતા. નરેન્દ્ર મોદીની દેશભક્તિ આજ છે.

ચીને કહ્યું કે, ગત કેટલાક વર્ષોમાં વૈશ્વિક સ્તર પર આતંકવાદ તેમજ ઉગ્રવાદના વધારાથી માનવતાને નુકસાન

ચીને મુંબઈ આતંકી હુમલાને 'સૌથી કુખ્યાત' હુમલો ગણાવ્યો

બેજિંગ

ચીને ૨૦૦૮માં થયેલા મુંબઈ આતંકવાદી હુમલાને સૌથી ખતરનાક હુમલામાંથી એક ગણાવ્યો છે. લશ્કર-એ-તૌયબાએ મુંબઈમાં તાજ હોટલ સહિત અનેક સ્થળોએ હુમલો થયો હતો, જેમાં ૧૬૬ લોકોનાં મોત થયા હતા. ચીને શિયાનજિયાંગ પ્રાંતમાં મુસ્લિમો વિરૂદ્ધ કરવામાં આવેલી કાર્યવાહીને લઈને બહાર પાડવામાં આવેલા શ્વેત પત્રમાં કહ્યું હતું કે, છેલ્લાં થોડાં વર્ષોમાં આતંકવાદ અને અતિવાદના વૈશ્વિક સ્તરે ફેલાવાથી માનવ સભ્યતા પર ખાસ અસર પડી છે.

આતંકવાદ અને અતિવાદ વિરૂદ્ધ લડાઈ ઉપતાં શિયાનજિયાંગમાં માનવાધિકારોના સંરક્ષણ નામથી પ્રકાશિત આ પત્રને એ સમયે જાહેર કરવામાં આવ્યું છે, જયારે પાકિસ્તાનના વિદેશ મંત્રી શાહ મહેમૂદ કુરૈશી ચીનની યાત્રા પર છે. પત્ર અનુસાર, આતંકવાદને વિશ્વમાં શાંતિ અને વિકાસ માટે જોખમ ઉભું થયું છે. આતંકવાદથી લોકોને જીવન અને સંપત્તિને નુકસાન પહોંચ્યું છે. શ્વેત પત્રમાં ચીને આતંકવાદની સમસ્યાઓને એવા સમયે ઉઠાવી છે જ્યારે થોડાં દિવસ પહેલાં જ ચીને યુનાઈટેડ નેશન્સ સિક્યોરિટી કાઉન્સિલમાં જૈશ ચીફ મસૂદ અઝહરને વૈશ્વિક આતંકવાદી ગણાવવાના પ્રસ્તાવ પર ટેક્નિકલ હોલ્ડ લગાવી દીધો હતો. ચીને આ પગલાંને ભારતને નિરાશાજનક ગણાવ્યું હતું. શ્વેત પત્ર અનુસાર, ચીને દરેક પ્રકારે આતંકવાદનો વિરોધ થયો છે. સાથે જ આતંકવાદ વિરૂદ્ધ લડાઈમાં બેવડી નીતિ અપનાવનારનો વિરોધ પણ કરવામાં આવ્યો છે. એવું પણ કહેવામાં આવ્યું છે કે, બીજિંગ આતંકવાદને કોઈ ખાસ દેશ, સંપ્રદાય અથવા ધર્મની સાથે જોડીને નથી જોતું. આતંકવાદને જડથી ખતમ કરવા માટે ગરીબી ખતમ કરવું જરૂરી છે, જેથી આનાથી જોડાયેલા લોકોને કોઈ કમજોર કડી ન મળી શકે.

સ્વ. જશુભાઈ બારોટના માનમાં શ્રદ્ધાંજલી સભા

સુરત

ગત તા.૧૬-૩-૨૦૧૯ના રોજ ગુજરાત રાજ્ય ઓટો રિક્ષા ફેડરેશનનાં પ્રમુખ અને વર્ષોથી હાથ લારી ગલ્લા અને ઓટો રિક્ષા ચાલકોનાં ન્યાયિક પ્રશ્નો બાબતે લડતા સક્રિય સામાજિક અને લડાયક કાર્યકર્તા જશુભાઈ જે. બારોટ દેવલોક પામેલ છે. ગુજરાત રાજ્ય ઓટો રિક્ષા ફેડરેશનના ઉપપ્રમુખ તેમજ સુરત શહેર જિલ્લા ઓટો રિક્ષા ફેડરેશનના પ્રમુખ તેમજ ગુજરાતના લાખો રિક્ષા ચાલકો દુઃખ ભરી લાગણી વ્યક્ત કરે છે. સદ્ગતની પ્રાર્થના સભા તા.૨૨-૩-૨૦૧૯ના રોજ સવારે ૮.૦૦ કલાકે સુરત ઓલપાડ ચોર્યાસી કડવા પાટીદાર સમાજ અમીધારાવાડી, બાબા સાહેબ દેવરશ રોડ, ન્યુ રાંદેર રોડ સુરત ખાતે યોજવામાં આવશે.

તંત્રી સ્થાનેથી...

દેશે જનનેતા ગુમાવ્યા

રાજનીતિના સ્તર પરથી મનોહર પારિકરની વિદાય કોઇ પણ મોટા નુકસાનથી કમ નથી. પારિકરના અવસાનથી ભારતીય જનતા પાર્ટી અને ગોવાને મોટો રાજકીય ફટકો પડ્યો છે. આનાથી પણ મોટો ફટકો દેશની રાજનીતિ માટે છે. ૬૩ વર્ષની વયમાં જ તેઓ અમને છોડીને જતા રહ્યા છે તે માટે નહીં, આઇઆઇટમાંથી પાસ થનાર પ્રથમ મુખ્યપ્રધાન હતા તેટલા માટે પણ નહીં, પરંતુ એટલા માટે કે દેશના ધરાશાયી થઇ રહેલા રાજકીય મુલ્યોને સ્થાપિત કરવામાં પારિકરે ચાવીરૂપ ભૂમિકા અદા કરી હતી. મુલ્યોને સ્થાપિત કરવામાં ભરપુર પ્રયાસ પારિકરે કર્યા હતા. અંતિમ શ્વાસ સુધી સાદગી અને ઇમાનદારીના કારણે તેમની ઓળખ તમામ લોકોમાં હતી. સાદગી અને ઇમાનદારી તેમજ જોરદાર મહેનત અને જુસ્સો તેમના જીવનના એક હિસ્સા તરીકે હતો. ચાર વખત મુખ્યપ્રધાન બની ગયા હોવા છતાં વિપક્ષી દળો પણ તેમના પર ભ્રષ્ટાચારના આરોપો મુકવાની હિંમત કરી શકતા ન હતા. મુખ્યપ્રધાન હોવા છતાં સામાન્ય લોકોની વચ્ચે બેસીને જાહેર રસ્તા પર તેઓ ચા પીતા હતા. ગોવાના જાહેર રસ્તા પર પણ તેઓ સ્કુટર મારફતે ફરતા નજરે પડતા હતા. દેશની રાજનીતિ આજે દુષિત થઇ રહી છે. આની પાછળ ભ્રષ્ટાચાર અને ભાઇ ભત્રીજાવાદને પણ કારણ ગણી શકાય છે. પોતાના ત્રણ દશકના રાજકીય જીવનમાં પારિકર આ તમામ બાબતોથી દુર રહ્યા હતા. પાર્ટીની વિચારધારા માટે રાજનીતિ કરતા રહેવાની બાબત તેમના માટે સર્વોચ્ચ બની ગઇ હતી. જીવલેણ બિમારી સામે લડતા લડતા પણ તેઓ ફરજ અદા કરી રહ્યા હતા. આખરી શ્વાસ સુધી તેઓ એક કર્મયોગીની જેમ લાગેલા રહ્યા હતા. બે વર્ષ પહેલા ગોવા વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસની ૧૭ સીટોની તુલનામાં પાર્ટીની ૧૩ સીટો આવ્યા બાદ પણ ભાજપે સરકાર બનાવી લીધી હતી. આની પાછળ પારિકર જ જવાબદાર રહ્યા હતા. ભાજપ જ નહીં બલ્કે અન્ય વિરોધ પક્ષોના લોકો પણ તેમની રાજકીય કુશળતાની પ્રશંસા કરતા હતા. પારિકરે આજની સમયમાં પણ તમામને સાથે લઇને ચાલવાની નીતિ અપનાવી હતી. પારિકરની વિદાય પહેલા તમામ રાજકીય પક્ષોના નેતાઓ તેમને શ્રદ્ધાંજલિ આપવા માટે પહોંચી ગયા હતા. પરંતુ માત્ર એક પુષ્પાચક્ર આપીને પારિકરને શ્રદ્ધાંજલિ આપી શકાય છે તે એ મોટો પ્રશ્ન છે. પારિકરને યોગ્ય શ્રદ્ધાંજલિ એ વખતે મળી શકશે જ્યારે રાજનેતા પોતે તેમની જેમ સામાન્ય વ્યક્તિની જેમ પોતાને રજૂ કરી શકશે. શ્રદ્ધાંજલિની સાર્થકતા એ વખતે થશે જ્યારે દેશ ભ્રષ્ટાચારથી મુક્ત થઇ શકશે. રાજનેતા પોતાના સગા સંબંધીઓને ટિકિટ અપાવવા માટેની માનસિકતા અને સ્વાર્થથી બહાર નિકળી શકશે. શબ્દોની શ્રદ્ધાંજલિ તો માત્ર ઔપચારિકતા સમાન છે. આજે જરૂર સ્વાર્થ અને અહંકારને ઠોકર મારી દેવાની છે. જે કામ પારિકરે તેમના જીવનમાં કર્યુ હતુ. પારિકર જેવા બનવા માટે કોઇ ખાસ કામ કરવાની જરૂર નથી માત્ર સ્વાર્થથી ઉપર ઉઠવાની જરૂર છે. જનતા ઇચ્છે છે કે દરેક નેતા લાલ બહાદુર શાસ્ત્રી, માણિક સરકાર અને મનોહર પારિકર જેવા બને જે ઇમાનદારી અને કામમાં દાખલા તરીકે હતા. પારિકર ભલે અમારી વચ્ચે રહ્યા નથી પરંતુ તેમના આદર્શ અને મુલ્યોને ભુલી શકાય નહીં. તેમના માર્ગ પર ચાલવાના પ્રયાસો રાજનેતાઓ ચોક્કસપણે કરે તે જરૂરી છે. પારિકરના આદર્શ મુલ્યો પર ચાલવાની દિશામાં આગળ વધવા માટે મજબુત રાજકીય ઇચ્છા શક્તિ સૌથી જરૂરી છે. જે ઓછા નેતાઓમાં જોવા મળે છે.

પારિકરના રાજકીય મુલ્યો ઉપર આગળ વધીને તેમને યોગ્ય અંજલિ આપી શકાય

સોનાના બિસ્કિટના બદલામાં નીરવ મોદીને જવા દેવાયોઃ સુબ્રમણ્યમ સ્વામી

ન્યુ દિલ્હી

પંજાબ નેશનલ બેંકની હજારો કરોડની લોન નહી ચુકવીને વિદેશ ભાગી જનાર હીરા વેપારી નીરવ મોદીના મામલામાં પોતાની જ સરકારના નાણા મંત્રાલય અને નાણામંત્રી અરુણ જેટલી પર સાંસદ સુબ્રમણ્યમ સ્વામીએ સનસનીખેજ આરોપ લગાવ્યો છે.

સ્વામીએ કહ્યુ છે કે મોદી સરકાર અને તેમના કાર્યાલયે નીરવ મોદીના પ્રત્યાર્પણ માટે બહુ મહેનત કરી છે પણ નાણા મંત્રાલયના કારણે વિલંબ થયો છે.ત્યાં સુધી કે નાણા મંત્રાલય દ્વારા નીરવ મોદી પાસે સોનાના બિસ્કિટ પણ લેવામાં આવ્યા છે.જો નાણા મંત્રાલય સચેત હોત તો નીરવ મોદી ભારત છોડીને જઈ જ ના શકત.આ માટે નાણા મંત્રાલયના જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહી થવી જોઈએ.

ઉલ્લેખનીય છે કે નીરવ મોદી હાલમાં બ્રિટનમાં છે અને તે તેની સામે પ્રત્યાપર્ણ વોરન્ટ જારી થયુ હોવાથી તેની ટુંક સમયમાં ધરપકડ થવાના ભણકારા વાગી રહ્યા છે.

એનઆરસી અને નાગરિકતા સુધારા બિલ મહત્વપૂર્ણ મુદ્દા બનશે...

પૂર્વોતર પર હવે ભાજપની નજર

પૂર્વોતરના આઠ રાજ્યોની ૨૫ લોકસભા સીટ પર ભારતીય જનતા પાર્ટી પૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. તેના માટે આ જીતના નવા મેદાન તરીકે છે. તેને લાગે છે કરે દેશના અન્ય વિસ્તારોમાં જ્યાં નુકસાન થઇ શકે છે ત્યાંની ભરપાઇ આ રાજ્યો મારફતે કરવામાં આવનાર છે. વિવાદાસ્પદ નાગરિક સુધારા બિલને લોકસભામાં પસાર કરી દેવામાં આવ્યા બાદ આસામ સરકારમાં સાથી પક્ષ તરીકે રહેલા આસામ ગણ પરિષદે તેની સાથે જાન્યુઆરી મહિનામાં છેડો ફાડી લીધો હતો. ૬૩ દિવસના લાંબા ગાળા બાદ ભાજપ અને આસામ ગણ પરિષદ ફરી એકવાર એક સાથે આવી ચુક્યા છે. ભાજપે આસામની ૧૪ સીટો પૈકી ત્રણ સીટો આસામ ગણ પરિષદ અને એક સીટ બોડો પીપલ્સ ફ્રન્ટ માટે છોડી દીધી છે. બીજી બાજુ કોંગ્રેસે સિલચરમાંથી સુશ્મિતા દેવ, કાલિયાબરમાંથી ગૌરવ ગોસાઇ સહિત પાંચ સીટો પર ઉમેદવારના નામની જાહેરાત કરી દીધી છે. ભાજપે આસામમાં પ્રભાવ જમાવવા માટે હિન્દુ મુસ્લિમ વોટ ભાજપ અને એ આ ઇ યુ ડી એ ફ માં વિભાજિત થવા લાગી ગયા છે. આની કિંમત કોંગ્રેસ અને આસામ ગણ પરિષદને ઉઠાવવાની ફરજ પડી રહી છે. બીજી બાજુ એનઆરસી તેમજ નાગરિક સુધારા બિલ ભારતીય જનતા પાર્ટી માટે હવે મુશ્કેલી ઉભી કરે છે. સરકારે આ વખતે બજેટમાં ચાના કારોબાર સાથે જોડાયેલા શ્રમિકો માટે ભેટનો વરસાદ કરી દીધો છે. ચા સાથે જોડાયેલા શ્રમિકો મુળભુત રીતે કોંગ્રેસની વોટ બેંક તરીકે ગણવામાં આવે છે. પરંતુ હવે હવે ભાજપની સાથે આ લોકો જોડાઇ રહ્યા છે. જેથી આસામમાં હવે મુખ્ય ટક્કર કોંગ્રેસ અને ભાજપ-આસામ ગણ પરિષદ વચ્ચે દેખાઇ રહી છે. કોંગ્રેસ પાર્ટી પૂર્વોતરના બે બે રાજ્યો ધરાવતા વિસ્તારમાં પણ્ની તાકાત ફરી હાંસલ કરવા માટેના પ્રયાસ કરી રહી છે. કોંગ્રેસે મેઘાલયની બે અને નાગાલેન્ડની એક સીટ પરથી પોતાના ઉમેદવાર જાહેર કરી દીધા છે. પૂર્વોતરમાં ભારતીય જનતા પાર્ટીના મુખ્ય રણનિતીકાર અને નોર્થ ઇસ્ટ ડેમોક્રેટિક એલાયન્સના સંયોજક હિમંત શર્માને ભાજપ તેજપુર સંસદીય બેઠક પરથી મેદાનમાં ઉતારી શકી છે. હિમંતને મેદાનમાં ઉતારી દેવામાં આવ્યા બાદ તેજપુરના વર્તમાન સાંસદ રામ પ્રસાદ શર્માએ પાર્ટીમાંથી રાજીનામુ આપી દીધુ છે. જ્યારે કેન્દ્રિય પ્રધાન રાજેન ગોહાઇએ તેમના પર ચાલી રહેલા શોષણના કેસના કારણે છેલ્લી ઘડીએ ચૂંટણી લડવાનો ઇન્કાર કરી દીધો છે. આવી સ્થિતીમાં ભાજપની સામે પૂર્વોતરની સ્થિતીને સરળ રીતે પાર પાડવાની બાબત મુશ્કેલ રૂપ છે. આસામ સહિત પૂર્વોતરના કેટલાક રાજ્યોમાં સત્તામાં રહેવાનો લાભ ભાજપ અને તેના સાથીઓને ચોક્કસ પણે મળી શકે છે. આસામમાં ભાજપ, આસામ ગણ પરિષદનો દેખાવ શાનદાર રહ શકે છે. ભાજપ શાસિત રાજય સરકારો કેન્દ્રની યોજનાને રજૂ કરીને પણ મોટા લાભ લેવા માટેના પ્રયાસમાં છે. લોકસભાની ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરવામાં આવ્યા બાદ ભાજપ અને કોંગ્રેસ સહિતના તમામ રાજકીય પક્ષો તેમની તૈયારીમાં વ્યસ્ત છે. પૂર્વોતરની ૨૫ સીટની વાત કરવામાં આવે તો છેલ્લી વર્ષ ૨૦૧૪ની ચૂંટણીમાં ભાજપે આઠ અને કોંગ્રેસે આઠ સીટો જીતી હતી. આ વખતે સ્થિતી કેવી રહે છે તે બાબત પર તમામની નજર રહેશે. પૂર્વોતરમાં એયુઆઇડીએફને ત્રણ સીટો મળી હતી. એનપીપીને એક સીટ મળી હતી.



પૂર્વોત્તરમાં વર્ષ ૨૦૧૪માં ભાજપ અને કોંગ્રેસને આઠ આઠ સીટો મળી હતી : આ વખતે ચૂંટણી જોરદાર નિર્ણયક બને તેવા સંકેતો મળવા લાગ્યા

સીપીએમને બે સીટો મળી હતી. લોકસભા ચૂંટણી માટેનો તખ્તો ગોઠવાઇ ગયો છે ત્યારે આ વખતે ભાજપ અને કોંગ્રેસના દેખાવ પર તમામની નજર રહેશે. બંને પાર્ટીઓ પૂર્વોતરમાં હવે ઝંઝાવતી પ્રચાર માટેની તૈયારીમાં છે. દેશમાં પુલવામા હુમલા અને ત્યારબાદ ભારત દ્વારા જે પ્રકારની કાર્યવાહી હવાઇ હુમલા કરીને કરવામાં આવી હતી તેના કારણે રાષ્ટ્રવાદો મુદ્દો પણ હવે પ્રબળ બની રહ્યો છે. જુદા જદા રાજકીય પક્ષો હવે ભાજપ સામે લડવા માટે કોઇ મુદ્દાને ઉઠાવવા માટે તૈયારી કરી રહ્યા છે.

હોળી આવતાની સાથે જ તન અને મન બંને રંગીન બની જાય છે...

હોળીને સ્વસ્થ અને સુરક્ષિત બનાવો

હોળીના તહેવાર આડે હવે ગણતરીના કલાકો બાકી રહ્યા છે. હોળી આવતાની સાથે જ તન અને મન બંને રંગીન બની જાય છે. હોળીના પ્રસંગે રંગોનુ ખાસ મહત્વ રહેલુ છે. આ ઉપરાંત આ તહેવાર પર ખાવા પિવાથી લઇને મોજ મસ્તીની ખુબ તૈયારી કરવામાં આવે છે. જેથી કહી શકાય છે કે રંગો વગર અને ખાવાની ચીજ વસ્તુઓની મસ્તી વગર હોળીની કલ્પના કરવી મુશ્કેલ છે. બીજી બાજુ સૌથી મોટો પ્રશ્ન એ થાય છે કે સ્વસ્થ અને સુરક્ષિત હોળી કઇ રીતે ઉજવવામાં આવે. કારણ કે આધુનિક સમયમાં અનેક પ્રકારના કેમિકલના ખતરનાક રંગ હોય છે. જે નુકસાન કરી શકે છે. હોળીના રંગમાં ભંગ ન પડે તે માટે આના માટે પણ નિષ્ણાંતો કેટલીક ટિપ્પસ આપે છે. હેલ્થ ટિપ્પસ આપતા જાણકાર નિષ્ણાંતો કહે છે કે બજારમાં જુદા જુદા પ્રકારના રંગ બિરંગી કલર આવી ગયા છે. આવી સ્થિતીમાં સાવધાની રાખવામાં આવે તે જરૂરી છે. આ પ્રકારના ખતરનાક રંગથી બચવાની જરૂર હોય છે. હોળીમાં માત્ર નેચરલ રંગનો ઉપયોગ કરવામાં આવે તે જરૂરી છે. આની સાથે સાથે નેચરલ રંગોથી રમતી વેળા પણ કેટલીક સાવધાની રાખવાની જરૂર હોય છે. હોળી પર રંગ રમતી વેળા જ્યારે રંગ હાથમાં લાગેલા હોય ત્યારે હાથથી આંખને સ્પર્શ કરવામાં ન આવે તે જરૂરી છે. પરંતુ સામાન્ય રીતે આંખ પર રંગ લાગી જાય છે. રંગ આંખમાં જતી રહેવાની સ્થિતીમાં પાણીથી આંખને બરોબર સાફ કરી લેવામા આવે ત જરૂરી છે. આંખન તાજા પાણીથી ધોઈ નાંખવાની જરૂર હોય છે. જ્યાં સુધી સંપૂર્ણ રંગ ઉતરી ન જાય ત્યાં સુધી આંખને ધોઈ કાઢવામાં આવે તે જરૂરી છે. હોળી રમતી વેળા પહેલા શરીર પર ક્રિમ અને તેલ લગાવવાની સ્થિતીમાં ફાયદો રહે છે. સાથે સાથે એવા કપડા પહેરી લેવા જોઈએ જે શરીરને વધુને વધુ કવર કરી લે છે. આ ઉપરાંત રંગોની વાળ પર સીધી અસર થાય છે જેથી વાળની સુરક્ષા રાખવામાં આવે તે પણ જરૂરી છે. હોળીમાં રંગ રમી લીધા બાદ રંગ છોડાવવા માટે કેંમિકલ વાળા સાબુ અને અન્ય પદાર્થોનો ઉપયોગ કરવામા આવે છે જે સ્કીનને વધારે નુકસાન કરી નાંખે છે. જેથી નોર્મલ સાબુનો ઉપયોગ કરવામાં આવે તે જરૂરી છે. હોળીમાં મિઠાઈનો ક્રેઝ તો સૌથી વધારે જોવા મળે છે. જેથી બજારમાં મિઠાઈની બોલબાલા વધી જાય છે. બજારમાં ઉપલબ્ધ મિઠાઈમાં પણ કેમિકલનો ખુબ ઉપયોગ કરવામાં આવે છે જેથી આવી સ્થિતીમાં ઘરમાં બનેલી મિઠાઈનો વધારે ઉપયોગ કરવામાં આવે તે જરૂરી હોય છે. આ ઉપરાંત હોળીના દિવસે ભાંગ અને શરાબનુ વેચાણ પણ હવે સમયની સાથે વધવા લાગ્યુ છે. જેથી આવી ચીજવસ્તુઓથી બચવામાં આવે તે જરૂરી છે. કારણ કે આના કારણે બ્લડજ પ્રેશર વધી જવાનો ખતરો રહે છે. હોળી રમતી વેળા મોમાં પણ કલર જવાનો ખતરો રહે છે. જ્યારે પણ મોમાં રંગ જાય ત્યારે પાણીનો પુરતો ઉપયોગ કરીને તેને દુર કરવામાં આવે તે જરૂરી હોય છે. કેટલીક વખત રંગોના તહેવારની ઉજવણી કરતી વેળા રંગ કાનમાં જતો રહે છે. આ બાબતને અમે ગંભીરતાથી લેતા નથી. જો આવુ થાય તો સરસિયાનુ તેલ હળવા પ્રમાણમાં ગરમ કરીને કાનમાં નાંખવાથી ફાયદો થાય છે.



તહેવાર પર ખાવા પિવાને લઈને પણ ખુબ તૈયારી કરવામાં આવે છે : રંગ અને ખાવા પિવા તેમજ મસ્તી વગર હોળીની કલ્પના ન કરી શકાય

ઝેરી તત્વોને શરીરની બહાર કાઢી વધુ એનર્જી ઉપલબ્ધ કરાવે છે...

ડિટોક્સ ડ્રિન્ક્સ આદર્શ પુરવાર થાય છે

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની વર્ષ ૨૦૧૯-૨૦૨૦ની મેનેજિંગ કમિટી માટે પ્લેટિનમ વિભાગ, ચીફ પેટ્રન વિભાગ, પેટ્રન વિભાગ, આજીવન વિભાગ અને રિજીયનલ વિભાગમાં ખાલી પડેલી જગ્યા જેટલા જ ઉમેદવારો બાકી રહેતા હોવાથી આ વિભાગોમાં ચૂંટણી કરવાની રહેતી નથી.

આરએમપીએસ ઈન્ટરનેશનલ સ્કૂલમાં ઉત્સવ સાથે વર્કશોપ

બાળકોને કાર્ટૂન બનાવવાની કળાનું જ્ઞાન અપાયું

સુરત

ગત તારીખ. ૧૭ માર્ચ રવિવારને સવારે ૯ થી સાંજના ૬ કલાક દરમિયાન આર. એમ.પી.એસ. ઈન્ટરનેશનલ સ્કૂલના આંગણે યોજયો કાર્નિવલ ઉત્સવ અને વર્કશોપ. જયાં વિવિધ રમતોની સ્ટોલ , એનીમેશન જેમાં બાળકોને કાર્ટુન બનાવવાની કળાનું જ્ઞાન અપાયું, ઝુમ્બા, કથ્થક,અપ સાઈકલીગ જેમાં નકામી વસ્તુઓનો ઉપયોગ કરીને વૈજ્ઞાનિક ઢબે ઘર વપરાશની વસ્તુઓ બનાવાની કળા પ્રાપ્ત કરી, મેજીક ઓફ સાયન્સ જેમાં બાળકોને ઘર વપરાશની વસ્તુઓથી વિજ્ઞાનનું જ્ઞાન મેળવ્યું, અબાકસ અને વેદિક મેથ્સ થકી ગણિત વિષયનું ગૂઢ જ્ઞાન , કેલીગ્રાફી થકી અક્ષરોને નવીનતમ ઢબે લખવાની કળા,ફોટોગ્રાફી ,સેલ્ફ ડિફેન્સ થકી આત્મ વિશ્વાસથી ખુદનું ઊજળું ભવિષ્યનું નિર્માણ કરે વગેરે જાણકારીની સાથે સાથે સ્વાદિષ્ટ વાનગીઓની મજા માણી તેમજ વિવિધ ઈનામોની વણઝાર રહી હતી. આર. એમ.પી.એસ. ઈન્ટરનેશનલ સ્કૂલ પરિવારના ટ્રસ્ટીશ્રીઓ, શાળા આચાર્યશ્રી,તમામ શિક્ષક મિત્રો, ઉત્સાહી બાળકો અને અન્ય શુભચિંતકો દ્વારા ઉત્સવ મનાવી ગમ્મત સાથે જ્ઞાન પુરૂ પાડવામાં આવ્યું હતું.

TEXMO ® Aqua Group
TEXMO AQUATEX
કોઈમ્બતુરની પ્રખ્યાત ડોમેસ્ટીક, એગ્રિકલ્ચર અને ઈન્ડસ્ટ્રીયલ પમ્પસની વિશાળ શ્રેણી
: ઓથોરાઈઝડ ડિલર :
MEC મેઘદૂત એન્જીનીયરીંગ કું.
૭/૪૫૨૨, કિશોર કોલ્ડ્રીંકસ પાસે, દારૂખાના રોડ, બેગમપુરા, સુરત. મો.: 9825248425, 0261-2418533

EXCLUSIVE BRANDED BEDSHEETS
✦ સીંગલબેડ-ડબલબેડ-કીંગ સાઈઝ બેડશીટ્સ(Bombay Dyeing - Portico)
✦ વુલન બ્લેન્કેટ(Raymond-modella-Essma)
✦ લાઈટ વેઈટ પોલાર બ્લેન્કેટ
✦ સોલાપુરી ચારસા/મયુર પંખ (ચાટલા/ગુંડેલી)
✦ લકઝરી મીંક બ્લેન્કેટ(જર્મની/કોરીયા/રેમન્ડ)
✦ સન્માન માટેની કાશ્મીરી જામાવર શાલ
✦ લેડીઝ જામાવર શાલ તથા સ્ટોલ
✦ એકસકલુઝીવ સીંગલ/ડબલબેડ ચાદર સેટ
✦ હનીકોમ્બ તથા ટરકીશ ટુવાલ
✦ શેતરંજી ✦ આસન
શ્રી અંબા ટ્રેડીંગ હોલસેલ ડેપો
''મધુકૂંજ'' બિલ્ડીંગ,ઘાંચીશેરી-૧,ટાવર સામે, સુરત.ફોન: ૨૪૩૨૦૮૭-૨૪૨૫૧૦૨

સૌથી સસ્તી વિમાન યાત્રા
પ્રયોશા ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ™
Ahmedabad : 8140194500, M.: 8140194200, Ph.: 079-40056857
Anand-8154947344, 7046301797, Mehsana-8849788935
સ્પે.કેરાલા — કોચીન, મુન્નાર, થેકડી, એલપ્પી, ત્રિવેન્દ્રમ, કોવાલ્લમ બીચ — AC Delux Hotel • AC 2 x 2 Volvo Bus — રહેવા તથા જમવા સાથે • જતા પ્લેન – આવતા પ્લેન — દિવસ-૮ ₹ 24500/-PP
દિલ્હી-અક્ષરધામ — હરીદ્વાર, ઋષીકેશ, મસૂરી, દહેરાદુન, ગોકુળ, મથુરા, વૃંદાવન, આગ્રા — રહેવા તથા જમવા સાથે • જતા પ્લેન – આવતા ટ્રેન — દિવસ-૬ ₹ 9000/-PP
નેપાળ-કાઠમંડુ — પોખરા, બનારસ, મનોકામનાદેવી, સારનાથ, અલ્હાબાદ, અયોધ્યા, છપૈયા, ગોરખપુર — AC Bus • રહેવા તથા જમવા સાથે • જતા પ્લેન – આવતા ટ્રેન — દિવસ-૯ ₹ 14800/-PP
સ્પે.હનીમુન ટુર — દિલ્હી–અક્ષરધામ, દિલ્હી દર્શન, પીંજોરગાર્ડન, સીમલા, કુફરી, કુલુ, મનાલી, રોહતાંગ, ડેલહાઉસી, ખજીયાર, વાઘા બોર્ડર, અમૃતસર — Non AC Bus — રહેવા તથા જમવા સાથે • જતા પ્લેન – આવતા ટ્રેન — દિવસ-૯ ₹ 17200/-PP
બેંગ્લોર, મૈસુર, ઉટી, કોડાઇકિનાલ, મદુરાઈ, કન્યાકુમારી, પદમનાભમ મંદિર, ત્રિવેન્દ્રમ–કેરાલા, રામેશ્વરમ્, શ્રીરંગમ, મહાબળીપૂરમ, શિવકાંચી, પોંડીચેરી, તીરૂપતી બાલાજી — AC 2x2 પુશ બેક બસ • રહેવા તથા જમવા સાથે • જતા પ્લેન – આવતા પ્લેન — દિવસ-૧૨ ₹ 23500/-PP
ઉપરના બધાજ પેકેજમાં 5% GST Extra
prayoshatoursandtravels@gmail.com Prayosha trip

Dr. Hetal's Advanced Dentistree — Since 2000
Dr. Hetal Tamakuwala
B.D.S. (B.J.Medical, Ahmedabad) - 2000
Basic Implantology Course - 2017
Advance Implantology Course - 2018
Now BIGGER & BETTER
DENTAL IMPLANT · CROWN & BRIDGE · ORTHODONTIC TREATMENT
FAMILY CHECK UP FOR ₹500/- + BRUSH 2+2
ROOT CANAL TREATMENT
TOOTH EXTRACTION
PEDIATRIC TREATMENT
ASETHETIC DENTISTRY
VENEERS
LIGHT CURE FILLINGS
222, Marvella Business Hub, Opp. R.T.O. Office, Pal, Surat.
81549 30063 | Time : 9.00 am to 1.00 pm & 4.00 pm to 8.00 pm

નવા રંગરૂપ અને વોટર પાર્ક સાથે
મોદી રીસોર્ટસ & એમ્યુઝમેન્ટ પાર્ક (ગુજ.) પ્રા. લિ.
ઉભરાટ બીચ - નવસારી
www.modiresorts.com
સ્કુલ, ગૃપ પ્રવાસ તથા લગ્નપ્રસંગ માટે ઉત્તમ રીસોર્ટસ
Ph.: 99250 08830
97272 56004

બહેરાશના સર્વશ્રેષ્ઠ મશીનો
100% અદ્રશ્ય મશીન
વર્લ્ડવાઈડ ૪ વર્ષની વોરંટી*
હાલની લેટેસ્ટ ટેકનોલોજી
મેડ ઈન યુ.એસ.એ.
અન્ય કોઈપણ બ્રાન્ડના હીયરીંગ એઈડ પર ભારતની સર્વશ્રેષ્ઠ કીંમતની ચેલેન્જ તો ખરી જ
સરકારી કર્મચારી તથા પેન્શનરો માટે રીએમ્બર્સમેન્ટ યોજના ઉપલબ્ધ
બેસ્ટ સર્વિસ, બેસ્ટ ક્વોલીટી, બેસ્ટ પ્રાઈઝ
Softone An Advance Audiology Speech & Hearing Clinics Pvt. Ltd.
• ઈન્ટરનેશનલ વર્લ્ડવાઈડ વોરંટી
• લેટેસ્ટ ટેક્નોલોજીના ઓટોમેટીક હીયરીંગ એઈડ
• ટીવી-મોબાઈલના અવાજ પણ સરળતાથી સાંભળી શકશો
• રીચાર્જેબલ હીયરીંગ એઈડ
• જુના મશીન પર એક્ષચેન્જ ઓફર ઉપલબ્ધ
(એપોઈન્ટમેન્ટ લઈને રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.)
વલસાડ, નવસારી, બારડોલી, ભરૂચ અને બરોડામાં પણ બ્રાન્ચ ઉપલબ્ધ છે.
સુરતઃ એફ-૧૮/૧૯, પેરીસ પ્લાઝા, પહેલો માળ, ટોરેન્ટ પાવરની બાજુમાં, રીલીફ રેસ્ટોરન્ટની સામે, સીનેમા રોડ, દીલ્હી ગેટ. સુરતઃ મો. 75670 00800
અડાજણઃ ગુજી-૬૦, એસ્કોન પ્લાઝા, ભુલકાભવન સ્કુલની પાછળ, શ્રીજી આર્કેડની બાજુમાં, આનંદમહલ રોડ, અડાજણ. મો. 75670 08000, 90999 05270



હોળી મહોત્સવ નિમિત્તે હોળીકા દહન બાદ પરમ દિવસે ગુરૂવારે ધૂળેટી પર્વની રંગારંગ ઉજવણી થશે. પરંતુ બજારમાં કલર અને પિચકારીના સ્ટોલમાં ગ્રાહકોની ગેરહાજરી ઘણી સૂચક બને છે.

ભારતીય સામ્યવાદી પાર્ટીમાંથી સુરત બેઠક પર વિજય શેણમારે ઉમેદવાર

સામ્યવાદી પક્ષના રાષ્ટ્રીય સચિવ ડૉ. લાભચંદ્ર કાંગોએ પત્રકાર પરિષદ યોજી

સુરત

ભારતીય સામ્યવાદી પક્ષના રાષ્ટ્રીય સચિવ તથા ગુજરાત પ્રદેશના પ્રભારી ડૉ. ભાલચંદ્ર કાંગોએ સુરત ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, ભારતીય સામ્યવાદી પક્ષની રાષ્ટ્રીય મંત્રીમંડળે તા.૬ માર્ચના રોજ દિલ્હી ખાતે મળેલી મીટિંગમાં નક્કી કરેલ છે કે ગુજરાત રાજયમાંથી સુરત પાર્લામેન્ટની બેઠક ઉપરથી ઉમેદવારી કરવાની અને ગુજરાતની ભારતીય સામ્યવાદી પક્ષની રાજય કાઉન્સિલ સમિતિએ ભલામણ કરી છે કે એડવોકેટ વિજય શેણમારે જેઓ ટ્રેડ યુનિયન લીડર પણ છે. તેમને ઉમેદવારી કરવી.

દેશ આજે ક્રિટીકલ પરિસ્થિતિમાં છે. હાલની કેન્દ્રની ભાજપ શાષિત સરકારની નીતિ દેશ વિરોધી કામદાર કિસાન વિરોધી અને કોર્પોરેટ તરફી રહી છે. સરદાર પટેલ તથા પૂજય મહાત્મા ગાંધીના નામનો દૂર ઉપયોગ કરી કોમવાદી તથા જાતિવાદી નીતિઓના કારણે શાંતિ ભાઈચારો ખતરામાં આવેલ છે.

દેશની બંધારણીય સ્વાયત સંસ્થાઓ જેવી કે આર.બી.આઈ., સી.બી.આઈ., સી.ઈ.સી., ન્યાબ પાલિકા વગેરેમાં સરકારે હસ્તક્ષેપ કરી પ્રજાનો વિશ્વાસ આ સંસ્થાઓમાંથી ગુમાવ્યો છે. લોકશાહીને કમજોર બનાવવાનું ષડયંત્ર છે. સરકારી સંસ્થાઓના જાહેર થતા આંકડાઓને દબાવી દેવામાં આવી રહ્યું છે. જેથી આમ જનતાને દેશની આર્થિક, સામાજિક પરિસ્થિતિનો અંદાજ આવી શકે તેમ નથી.

છેલ્લા પાંચ વર્ષમાં દેશમાં બેરોજગારી સૌથી વધુ ૭ ટકા સ્તરે પહોંચેલ છે. ખેતી અને ગ્રામીણ ક્ષેત્રમાં ભારે સંકટ વધી ગયેલ છે. કિસાનોની આત્મહત્યાના બનાવો વધી ગયા છે. ભાજપની કેન્દ્ર સરકારે વગર વિચારે નોટબંધીના પગલાના કારણે દેશની આર્થિક પરિસ્થિતિ બગડી છે તથા ધંધા રોજગારને ભારે ફટકો પડેલ છે. નોટબંધી કરવા માટે જે કારણો સરકારે જણાવેલ છે તે જુઠ્ઠા સાબિત થયા છે. આતંકવાદ ઓછો થયેલ નથી. કાળુ નાણું બહાર આવેલ નથી. બલ્કે રોકડ રકમનો સંગ્રહ વધ્યો છે. નોટબંધીના કારણે ૧૦૪ નિર્દોષ માણસોનો ભોગ લેવાયો છે. તેવી જ રીતે વગર વિચારે જીએસટી ઉતાવળે ભરેલુ પગલુ દેશના અર્થતંત્રને કમજોર કરી રહ્યું છે. તેમ પણ ડૉ. લાભચંદ્ર કાંગોએ જણાવ્યું હતું.

ઝાંપાબજાર મટન માર્કેટ પાસે વર્ષો જૂના મકાનની ગેલેરી તૂટી

વહેલી સવારે ત્રણ વાગે જેરદાર ધડાકો થતા સ્થાનિક લોકોમાં ભય ફેલાયો

સુરત

ઝાપા બજાર મટન માર્કેટ નજીક એક વર્ષ જુના મકાનના બીજા માળની ગેલેરીનો ભાગ ધડાકા સાથે તૂટી પડયો હતો. વહેલી સવારના ત્રણ વાગ્યાના અરસામાં બનેલી આ ઘટના બાદ આ વિસ્તારના લોકો ડરના મારે ઘર બહાર દોડી આવ્યા હતા. ઘટનાની જાણ બાદ ફાયર વિભાગ પણ દોડતો થઈ ગયો હતો. પાલિકા દ્વારા આ બાબતે તપાસ હાથ ધરાઈ છે.

ફાયર વિભાગના સૂત્રો દ્વારા જાણવા મળતી માહિતી અનુસાર વહેલી સવારે મકાનની ગેલેરી તૂટવાનો કોલ મળ્યો હતો. મહેશ પટેલ ફાયર ઓફિસરએ જણાવ્યું હતું કે, ઘટના લગભગ ૩:૦૮ મિનિટની હતી. મકાનની ગેલેરી તૂટી પડી હોવાની જાણ બાદ ફાયરના જવાનો ઘટના સ્થળે દોડી ગયા હતા. ગ્રાઉન્ડ પ્લસ બે માળના મકાનની બીજા માળની ગેલેરી તૂટી પડી હતી. ૮૦ વર્ષ જુના મકાનના માલિક મહમદ ઈબ્રાહિમ હોવાનું જાણવા મળ્યું હતું. આગળના ભાગે કોઈના રહેતું હોવાને કારણે કોઈ જાનહાનિ નોંધાય નથી. જોકે, મકાનના પાછળના ભાગે બે ભાડુઆત રહેતા હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાની જાણ બાદ પાલિકા દ્વારા પણ તપાસ ચાલી રહી છે. મકાનના સ્ટક્ચરની તપાસ બાદ મકાન ઉતારી પાડવાની કામગીરી હાથ ધરવામાં આવે તેવી શક્યતા છે.

વાવ ગામે રહેતી સગીર છોકરીનું લગ્નની લાલચમાં અપહરણ

સુરત

કામરેજ વાવ ખાતે રહેતી એક પરિવારની સગીરાને લગ્નની લાલચ આપી અપહરણ કરી જવાના મામલે આરોપી સામે પોક્સોનો ગુનો દાખલ કરવામાં આવ્યો હોવાનો બનાવ કામરેજ પોલીસ મથકમાં નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર કામરેજ તાલુકાના વાવ ખાતે એક પરિવાર રહે છે. તેઓ વેપાર ધંધા સાથે સંકળાયેલા છે. મૂળ જૂનાગઢ જિલ્લાના બીલવા તાલુકાના વતની અને હાલમાં નવાગામ ખાતે રહેતા નિલેશભાઈ ભીખાભાઈ ચાવડાએ વાવ ખાતે રહેતી સગીરાને લગ્નની લાલચ આપી પ્રેમજાળમાં ફસાવી ગત તા.૨૪મી ફેબ્રુઆરીના રોજ વાલીના કબજામાંથી અપહરણ કરી ફરાર થઈ ગયો હતો. સગીરાની માતાએ કામરેજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે અપહરણ અને પોક્સોનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે. જોકે પરિવારે આગળ પાછળ તપાસ કરતા સગીર પુત્રી મળી ન આવતા તેમણે કામરેજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

લીંબાયતમાં આઠ વર્ષની છોકરીનો પીછો કરતા છોકરા સામે ફરિયાદ

માતાએ ફરિયાદ કરતા પોસ્કો એક્ટ મુજબનો ગુનો દાખલ

સુરત

આઠ વર્ષની છોકરીનો પીછો કરી ઈશારા કરનાર છોકરા વિરૂદ્ધ છોકરીની માતાએ લીંબાયત પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

લીંબાયત પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ લીંબાયત મહાપ્રભુનગર અનિલભાઈના મકાનમાં રહેતો મોહન બિલારામ બિહારી નામનો છોકરો મહોલ્લામાં રમતી આઠ વર્ષની છોકરીનો વારંવાર પીછો કરી ઈશારા કરતો હતો. આ અંગે છોકરીએ પોતાની માતાને વાત કરી હતી. જેથી દિકરી સાથે માતા તપાસ કરવા નીકળ્યા હતા અને ફરિયાદીની છોકરીએ આરોપી છોકરા તરફ ઈશારો કરીને જણાવ્યું હતું કે મમ્મી આ છોકરો મારો પીછો કરી મારી સામે જોયા કરે છે અને ઈશારા કરે છે. ત્યારબાદ છોકરીની માતાએ આરોપી છોકરા વિરૂદ્ધ લીંબાયત પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે પોક્સો એક્ટ અન્વયે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી હતી.

સુરતના વેપારી પાસેથી માલ ખરીદી કર્ણાટકનો વેપારી છૂમંતર

ઈમીટેશન જ્વેલરીના વેપારી સાથે છેતરપિંડી

સુરત

ઈમીટેશન જરીનો માલ ખરીદી રૂપિયા ૧.૬૪ લાખનું પેમેન્ટ નહીં કરનાર કર્ણાટકના વેપારી સામે પોલીસ ફરિયાદ નોંધાઈ હતી.

સલાબતપુરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ સલાબતપુરા મહાત્મા વાડીયા વિશાલક્ષી ટેક્ષટાઈલ્સ તરીકે ધંધો કરતા રાજેશ નગીનદાસ મહાત્મા પાસેથી આરોપી વિનાયક આર. માસ્તામારડી વિનાયક આર માસ્તામારડી, બેલગાવી કર્ણાટકનાએ રૂા.૪,૪૪,૧૬૦ની કિંમતનો ઈમીટેશન જરીનો માલ ખરીદો હતો. આરોપીએ ટુકડે ટુકડે ૨.૮૦ લાખ રૂપિયા ચૂકવ્યા હતા. ત્યારબાદ બાકી રૂા.૧.૬૪,૧૬૦નું પેમેન્ટ કરવાને બદલે ખોટા વાયદાઓ કરી આજદિન સુધી પેમેન્ટ નહીં ચૂકવી વિશ્વાસઘાત છેતરપિંડી કરી હતી. સલાબતપુરા પોલીસે ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

દક્ષિણ ગુજરાતના તાપમાનમાં એક સાથે ત્રણ ડીગ્રીનો વધારો નોંધાયો

સુરતમાં મહત્તમ ૩૬ ડીગ્રી તાપમાન : બપોરના સમયે આકરો તાપ

સુરત

માર્ચ મહિનાના ચોથા સપ્તાહ દરમ્યાન દક્ષિણ ગુજરાતમાં તાપમાનનો વારો વધતા બપોરના સમયે આકરા તાપનો અનુભવ થઈ રહ્યો છે. આજે અધિકતમ તાપમાનનો પારો ૩૭ ડીગ્રીની આસપાસ નોંધાયો છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકતમ તાપમાન ૩૬.૪ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૨૧.૨ ડીગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૬૨ ટકા અને હવાનું દબાણ ૧૦૧૨.૬ મિલીબાર નોંધાયું છે. શહેરમાં ઉત્તર દિશાથી ગરમ પવન ફુંકાઈ રહ્યો છે. નવસારીમાં આજે અધિકતમ તાપમાન ૩૭ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૧૫ ડીગ્રી નોંધાયું છે. વલસાડમાં અધિકતમ તાપમાન ૩૩.૪ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૧૫.૬ ડીગ્રી નોંધાયું છે. આગામી દિવસોમાં ઉનાળાની ગરમીનો અનુભવ થશે. માર્ચ મહિનાના ચોથા સપ્તાહ દરમ્યાન ગરમી વધવા માંડી છે. આવતીકાલે હોળી બાદ ઉનાળાની વિધિવત શરૂઆત થશે અને શહેરીજનોને ઉનાળાનો સામનો કરવો પડશે.

વાર્તાકાર જયશ્રી ચૌધરીની લઘુ નવલને મળ્યો પ્રશંસા એવોર્ડ

સુરત

અખિલ હિંદ મહિલા પરિષદ સુરત શાખા દ્વારા લઘુનવલ સ્પર્ધા આયોજિત થઈ હતી. જેમાં અખિલ હિંદ મહિલા પરિષદ પ્રમુખ લીના ખાનસાહેબ, લઘુનવલ પ્રેરક વાર્તાકાર એડવોકેટ ભારતી દેસાઈ તથા જાણીતા સર્જક રવીન્દ્ર પારેખના હસ્તે અંકલેશ્વરની કડકિયા કૉલેજનાં પ્રાધ્યાપિકા અને સાહિત્યકાર જયશ્રી ચૌધરીને પ્રશંસા પારિતોષિક એનાયત થયું હતું. ગુજરાતમાંથી આવેલી ૫૫ લઘુ નવલમાંથી ગ્રામ સંસ્કૃતિને ઉજાગર કરતી સંસ્કારધર્મી લઘુનવલ છિલુગરી ને પ્રશંસા પારિતોષિક માટ પસંદ કરવામાં આવી હતી. જયશ્રી ચૌધરીને ગુજરાતી સાહિત્યના આશાસ્પદ વાર્તાકાર માનવામાં આવે છે. લબ્ધપ્રતિષ્ઠિત સાહિત્યકાર રઘુવીર ચૌધરીએ જયશ્રી ચૌધરીને દક્ષિણ ગુજરાત ના એકલવીર વાર્તાકારનુ બિરૂદ આપ્યું છે. લઘુનવલ લેખનના પ્રથમ પ્રયાસની સફળતા તેમને નવલકથા લેખન ક્ષેત્રે પ્રદાન કરવા પ્રેરશે.

આંતરરાષ્ટ્રીય શિવકથાકાર શ્રી ગિરિબાપુએ સોમનાથ ખાતે ચાલી રહેલી શિવકથામાં રચ્યો ઈતિહાસ





સાધુએ પોતાના માટે ક્યારેય માંગ્યુ નથી પણ બીજા માટેજ માંગ્યુ છે એ સાબીત કરી બતાવવતા આંતરરાષ્ટ્રીય શિવકથાકાર પરમ પુજય શ્રી ગિરિબાપુ

સોમનાથ ખાતે પ્રાર્થના પરિવાર દ્વારા આયોજિત પુજય શ્રી ગિરિબાપુના વ્યાસાસને થયેલ શિવકથા દરમ્યાન બાવીસ વર્ષની સફરમાં બાપુ પ્રથમ વખત એક ગરીબ દિકરીના સન્માન માટે વ્યાસપીઠ ઉપરથી નીચે ઉતર્યા. આ દિકરીનું નામ પાયલ છે. અને તે સોમનાથ મહાદેવનાં મંદિરે આવતા દર્શનાર્થીઓને ફુલમાળા પ્રસાદ બિલ્વપત્ર વેચવાનુ કામ કરે છે. એકદમ ગરીબ ઘરની દિકરીને દરીદ્રતાના કારણે નથી મળ્યો અભ્યાસ બીલકુલ છે અભણ. ઘરનુ ગુજરાન ચલાવવા આ દિકરી ફુલમાળા વેચીને કરે છે એમના પરિવારનું ગુજરાન અને નાના એવા ઝુપડામાં રહે છે.

શ્રી ગિરિબાપુએ આ દિકરીને વ્યાસપીઠ ઉપર પોતાની પાસે બેસાડી કર્યુ સન્માન પાયલે બાપુને ઝુપડામાં પધારવા આપ્યુ આમંત્રણ પછી જે ટોપલામાં તે ફુલ વેચતી હતી તે જ ટોપલામાં આ પાયલ માટે બાપુએ કર્યુ દાન એકત્ર. અને પછી ખુદ શ્રી ગિરિબાપુએ પોતે વ્યાસપીઠ ઉપરથી નીચે ઉતરી પાયલનુ રૂપિયાના વરસાદથી કર્યુ સન્માન. વ્યાસપીઠ ઉપરથી ઉતર્યા હોય તેવો બનાવ શ્રી ગિરિબાપુની બાવીસ વર્ષની સફરમાં પ્રથમવાર છે.

એટલુજ નહી પરંતુ શ્રી ગિરિબાપુએ પાયલને તેની શું ઈચ્છા છે એવુ પુછ્યુ તો પાયલે બે ઈચ્છા બતાવી એક તો અહીં વિદેશથી આવતા દર્શનાર્થીઓને અંગ્રેજીમાં દાદા સોમનાથનો ઈતિહાસ કહી સકુ તે માટે મારે અંગ્રેજી શિખવુ છે અને બીજુ કે એક વખત મારે અમેરીકા જવુ છે.

તો પાયલની આ બંને ઈચ્છાઓ પુરી થાય તે માટે શ્રી ગિરિબાપુએ બે દાતા પણ તરતજ તૈયાર કરી આપ્યા જેમા અંગ્રેજી શિખવાડવાની જવાબદારી નાથુભાઈ સોલંકી પ્રભાસ હોટલવાળાને સોંપી તથા અમેરીકા લઈ જવાની જવાબદારી સાધનાબેન જેઓ અમેરિકા રહે છે તેને સોંપી અને વધુમાં પાયલના લગ્નપ્રસંગની જવાબદારી પણ કમાભાઈ રાઠોડને સોંપવામાં આવી અને એ લગ્નપ્રસંગ નાના સુના નહી ધામધૂમથી કરવાનાં અને છેલ્લે

શ્રી ગિરિબાપુએ પાયલને રૂપિયાની ગાંછડી ભરીને ઘરે મોકલી હતી અને આનંદ કરવાતા કહ્યું હતું કે પાયલને હવે ઘરે એકલી ના જવા દેતા કારણ કે રૂપિયાની આખી ગાંછડી સાથે છે ત્યારબાદ બાપુએ જણાવ્યું હતું કે આ એક ફુલમાળાનું ફળ છે બાપુએ વધુમા જણાવ્યું હતું કે હુ જ્યારે આ કથાના પ્રથમ દિવસે મંડપ જોવા આવ્યો ત્યારે આ દિકરી દોડીને મને ફુલમાળા પહેરાવી ગય હતી અને એનો પરિચય મને જીતુપુરીએ કરાવ્યો કે આ પાયલ છે અને અહીં ફુલમાળા વેચવાનુ કામ કરે છે વધુમાં જણાવ્યું હતું કે આજે દાદા સોમનાથે તેની ઉપર કૃપા વરસાવી દીધી છે તેમજ પાયલને કહ્યું હતું કે હવે તુ તારો આ ફુલમાળા વેચવાનો ટોપલો તોડી નાખજે અને અંગ્રેજી શિખવા લાગી જજે તારી તમામ ઈચ્છોઓ પુરી થઈ છે.

આજે શ્રી ગિરિબાપુએ આ જબ્બર જસ્ત કાર્ય કરી સમાજમા એક ઉદાહરણ પુરૂ પાડ્યું છે કે કથાકારો સાધુ સંતો મહંતો પુજારીઓ માત્ર પોતાના માટે નહીં પરંતુ પરોપકાર માટે પણ કાર્ય કરે છે અને સાબીત કરી બતાવ્યું છે કે આ દેશના સાધુએ હંમેશા બીજાનુજ ભલુ કર્યુ છે અને બીજા માટેજ માંગ્યુ છે.

કડોદરામાં ધાડ અને લૂંટના ગુનામાં એક વર્ષથી વોન્ટેડ રીઢો આરોપી ઝડપાયો

પ્રકાશ ઉર્ફે શિવા ઉર્ફે વિકી પાસેથી દેશી તમંચો પણ મળી આવ્યો

કડોદરા

તાતીથૈયાના બસ સ્ટેન્ડ પરથી બાતમીના આધારે ગતરોજ કડોદરા પોલીસ સ્ટાફે ધાડના ગુનામાં છેલ્લા એક વર્ષથી નાસતા ફરતા રીઢા આરોપીની દેશી તમંચાની સાથે ધરપકડ કરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર કડોદરા જીઆઈડીસી પોલીસ સ્ટાફના માણસો કડોદરા વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા. ત્યારે અ.હે.કો. દીપકભાઈ શંકરભાઈનાઓને ખાનગી રાહે બાતમી મળી હતી કે ધાડના ગુનાનો વોન્ટેડ આરોપી તાતીથૈયામાં આવવાનો છે. જે બાતમીના આધારે કડોદરા પોલીસ સ્ટાફે તાતીથૈયામાં બસ સ્ટેન્ડની આજુબાજુ વોચ ગોઠવી બેઠા હતા. ત્યારે ત્યાં આવેલો કડોદરાના ધાડના ગુનાનો છેલ્લા એક વર્ષથી નાસતો ફરતો પ્રકાશ ઉર્ફે શિવા ઉર્ફે વિકી શુટર વિનોદ પ્રકાશ સોની ઉ.વ.૨૧ રહે. નેરલ માથેરાન સ્ટેશન મુંબઈ, મુળ નટવર, રાજપુર, બિહારનાઓને પકડી પાડ્યો હતો અને તેની અંગઝડતી લેતા દેશી હાથ બનાવટનો તમંચો મળી આવ્યો હતો. પોલીસે તમંચો તેમજ મોબાઈલ કબજે કરી આરોપીની ધરપકડ કરી છે. વધુમાં પોલીસે તેના કોર્ટમાં રિમાંડ મેળવવાની તજવીજ પણ હાથ ધરી છે.

માંગરોલની વાયબ્રન્ટ વેબ્સ ઈન્ટરનેશનલ એકેડમીમાં પદવી સમારોહની ઉજવણી કરવામાં આવી



પહેલા ધોરણમાં પ્રવેશ લેતા પહેલા બાલમંદિર માંથી બાળકોએ ગ્રેજ્યુએશન કરી વિદાઈ લીધી નો નવતર આભિગમ

રાજપીપળા : નર્મદા જીલ્લાના માંગરોલ ખાતે આવેલા વાયબ્રન્ટ વેબ્સ ઈન્ટરનેશનલ એકેડમીમાં પદવી સમારોહની ઉજવણી કરવામાં આવી, જેમાં ?પહેલા ધોરણમાં પ્રવેશ લેતા પહેલા બાલમંદિર માંથી બાળકોએ ગ્રેજ્યુએશન કરી વિદાઈ લીધીનો નવતર આભિગમ શાળા સંચાલકો દ્વારા કરવામાં આવ્યો હતો. જેમાં મુખ્ય મેહમાન તરીકે વન સંરક્ષક નર્મદા ડો.શશીકુમાર, વાયબ્રન્ટ સ્કૂલના ચેરમેન ચંદ્રેશ ધાધુકીયા,વાયબ્રન્ટ સ્કૂલના ડાયરેક્ટર એરીક ભાઢેના, એડમીન ગોપાલ શર્મા,પ્રિન્સિપાલ સેમસન સહીત સ્ટાફ અને મોટી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

શાળાના નાના-નાના ભૂલકાંઓ ડાન્સ કરી બધાનાં મન જીતી લીધા હતા. ડો.શશીકુમારે બધા વાલીઓને જણાવ્યું કે બાળકોને માતૃભાષાનું જ્ઞાન હોવું જરૂરી છે પરિવારમા બાળકનું ઘડતર થાય છે.બાળકોની સાથે સમય ?વીતાવવો જરૂરી છે. આ પદવી સમારોહમાં પોતાના બાળકને સન્માન સાથે વિવિધ એક્ટીવીટી બદલ વાલીઓ એ પણ આનંદ વ્યક્ત કર્યો હતો.

ઝઘડીયા ગ્રીનવેલી રેસીડન્સી સોસાયટીમાં થયેલ ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલી દાહોદની ચોરી કરતી ગેંગના સાગરીતને ઝડપી પાડતી ભરૂચ એલ.સી.બી

ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાનાઓએ જીલ્લામાં મિલકત સંબંધી ગુનાઓ અટકાવવા તેમજ શોધી કાઢવા સારૂ આપેલ સુચના તથા ભરૂચ એલ.સી.બી ના પોલીસ ઈન્સ.જે.એન.ઝાલા નાઓના માર્ગદર્શન હેઠળ ભરૂચ એલ.સી.બી દ્વારા અલગ-અલગ ટીમો કાર્યરત કરવામા આવેલ અને અગાઉ ઘરફોડ ચોરીમા પકડાયેલ ચોર ઈસમો ઉપર વોચ રાખી તેમજ બાતમીદારો સક્રીય કરી તેમજ ટેકનીકલ સર્વેલન્સ આધારે તપાસ હાથ ધરવામા આવેલ જે કાર્યવાહી દરમ્યાન ભરૂચ એલ.સી.બી ના પો.સ.ઈ વાય.જી.ગઢવી તથા ટીમના માણસોએ દાહોદ ખાતે તપાસમા જઈ ત્યાંથી મોટીખરચ ગામના શકમંદ ઈસમ કનેશભાઈ કાળીયાભાઈ બારીયા નાઓને વધુ પુછપરછ માટે ભરૂચ ખાતે લઈ આવી સઘન પુછપરછ કરતા તેમજ ટેકનીકલ સર્વેલન્સ ટીમના સહયોગ થી તપાસ કરતા તેના સાગરીતો સાથે મળી બે માસ અગાઉ ઝઘડીયા ખાતે આવેલ ગ્રીનવેલી રેસીડન્સી સોસાયટી માંથી રાત્રીના સમયે બંધ મકાનનુ તાળુ તોડી સોના-ચાંદીના દાગીના તથા મોબાઈલ ફોનની ચોરી કરેલાની કબુલાત કરેલ જે ચોરી કરેલ મોબાઈલ મળી આવતા કબ્જે કરી ખાત્રી કરતા ઝઘડીયા પો.સ્ટે.મા ગુ.ર.નં- I ૦૮/૨૦૧૯ ઈ.પી.કો.ક-૪૫૪,૪૫૭,૩૮૦મુજબ ગુનો નોંધાયેલ હોય જે વણશોધાયેલ ગુનો શોધી કાઢી ઉપરોક્ત કનેશભાઈ કાળીયાભાઈ બારીયા રહે-મોટી ખરચ તા.જી.દાહોદ નાઓને અટકાયત મા લઈ આગળની કાર્યવાહી સારૂ ઝઘડીયા પો.સટે.મા જાણ કરવામા આવેલ છે. અને ચોરીમાં ગયેલ અન્ય મુદ્દામાલ તેમજ ચોરી કરવામા સંડોવાયેલ સહ આરોપીઓ બાબતે તપાસ હાથ ધરવામા આવેલ છે.

ગુજરાત ચૂંટણી પંચ દ્વારા ખામીયુક્ત ૩૫૬૫ ઈવીએમ અને ૨૫૯૪ વીવીપેટ રીજેક્ટ

પ્રાથમિક ચકાસણીમાં ખામીના કારણે રીજેક્ટ કરાયેલા ઈવીએમ અને વીવીપેટ મશીનો કંપનીમાં મોકલી દેવાયા

અમદાવાદ

લોકસભાની ચૂંટણી માટે ગુજરાતમાં આગામી ૨૩ એપ્રિલના રોજ મતદાન હાથ ધરવામાં આવનારુ છે તે અગાઉ ચૂંટણી પંચ દ્વારા હાથ ધરવામાં આવેલી કાર્યવાહી દરમિયાન ગુજરાતમાં ખામી ધરાવતા ઈવીએમ અને વીવીપેટ જણાતા તેને રીજેક્ટ કરવામા આવ્યા છે.

આ અંગે મળતી માહીતી અનુસાર,દેશની સાથે ગુજરાતમાં પણ ચૂંટણીપંચ દ્વારા ચૂંટણીને લઈને તડામાર તૈયારીઓ શરૂ કરવામા આવી છે ત્યારે પ્રાથમિક ચકાસણી દરમિયાન ગુજરાતમાંથી ૩૫૬૫ ઈવીએમ અને ૨૫૯૪ વીવીપેટ ખામીયુક્ત જણાતા તેને રીજેક્ટ કરવાનો ચૂંટણીપંચ દ્વારા નિર્ણય કરવામાં આવ્યો છે.ખામી ધરાવતા ઈવીએમને રાજસ્થાન સાથે વાતચીત કરીને બદલવાનો પંચ દ્વારા રાજયના ચૂંટણીપંચને આદેશ કરવામાં આવ્યો છે.ઉપરાંત બગડેલા વીવીપેટને બદલવા બીઈએલને મોકલવામા આવ્યા હોવાનુ ગુજરાતના મુખ્ય ચૂંટણી કમિશનરનું કહેવુ છે.ગુજરાતને જે ઈવીએમ ફાળવવામા આવ્યા છે એ તમામ નવા હોવાછતાં તેમાં ખામી કેમ જોવા મળી તે પ્રશ્ન પુછવામા આવતા તંત્રના અધિકારીઓનુ કહેવુ છે કે,મશીનમાં ઘડીયાળની ભુલો અને ડીસ્પલે દેખાતા ન હતા.પંચ દ્વારા રાજસ્થાન પાસેથી ૨૫૯૦ જેટલા ઈવીએમ માગવામા આવ્યા છે.ગુજરાતમાં હાલ કુલ મળીને ૭૯,૧૪૩ જેટલા બેલેટ યુનિટો છે.આ ઉપરાંત ૬૩૪૦૬ જેટલા કંટ્રોલ યુનિટ અને ૬૬૯૯૭ વીવીપેટ છે.ગુજરાતમાં આ અગાઉ વર્ષ-૨૦૧૭માં વિધાનસભાની ચૂંટણી યોજવામાં આવી હતી.તે સમયે રાજયમાં પ્રાથમિક ચકાસણી સમયે ૩૫૫૦ વીવીપેટ ખામીયુક્ત મળી આવ્યા હતા.૫૨૪૫ કંટ્રોલ યુનિટ ખામીયુક્ત મળ્યા હતા.જયારે ૨૯૦૭ બેલેટ યુનિટ ખામી યુકત મળી આવ્યા હતા.આ વર્ષે મતદાનના દિવસે કોઈ પ્રકારની અવ્યવસ્થા કે ફરીયાદ ઉઠવા ન પામે એની તકેદારીના ભાગરૂપે પંચ દ્વારા કરવામા આવેલી આ તપાસમાં આ ખામી જોવા મળી આવી હતી.

ગોલ્ડન બ્રીજ પરથી ભારતીય બનાવટના વિદેશી દારૂ સાથે બુટલેગરને લક્ઝુરીયસ સ્કોડા રેપીડ ગાડી સહીત ઝડપી પાડતી ભરૂચ એલ.સી.બી.



ભરૂચ જીલ્લાના પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા સાહેબે જીલ્લામાં હોળી-ધુળેટી તહેવાર નિમીતે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી પ્રોહી-જુગારના ગુનાઓ શોધી કાઢવા આપેલ માર્ગદર્શન તથા ઈન્ચાર્જ પો.ઈન્સ જે.એન.ઝાલા નાઓની સુચના આધારે પો.સ.ઈ. એ.એસ.ચૌહાણ તથા વાય.જી.ગઢવી એલ.સી.બી ભરૂચ નાઓની ટીમ ભરુચ શહેર વિસ્તારમા પેટ્રોલિંગમા હતા દરમ્યાન સાથેના હે.કો. જયેન્દ્રભાઈ ને તેમના બાતમીદારથી ખાનગીરાહે બાતમી મળેલ કે એક મેટાલીક કલરની સ્કોડા ફોરવ્હીલ ગાડી નં.જીજે ૨૨ એ ૨૭૩૧ ની ભારતીય બનવાટનો વિદેશી દારૂ ભરીને અંકેલશ્વર થઈ ગોલ્ડન બ્રીજ થઈ ભરૂચ તરફ જનાર છે જે બાતમી આધારે ગોલ્ડન બ્રીજ ના ઉત્તર છેડે વોચમાં રહી બાતમી વાળી સ્કોડા ગાડી ને તેના ચાલક સાથે ભરતીય બનાવટના વિદેશી દારુ સાથે ઝડપી પાડેલ છે

પકડાયેલ આરોપી-સફીક ઈસ્માઈલભાઈ મલેક રહે, મકાન નં.-૫૮ આરઝુ બંગ્લોઝ તાઈફ નગર રોડ પાસે તાંદલજા વડોદરા પકડાયેલ મુદ્દામાલ-ભારતીય બનાવટના વિદેશી દારુની બોટલો તથા ટીન નંગ-૭૮૦ ની કિં.રૂ.૧,૮૭,૨૦૦/- તથા રોકડ રૂ.૨૫૮૦/- તથા મોબાઈલ નંગ-૨ કિં.રૂ. ૧૦,૫૦૦/-તથા એક સ્કોડા ગાડી કિં.રૂ. ૩,૦૦,૦૦૦/- એમ કુલ મુદ્દામાલ ની કિં.રૂ.૫,૦૦,૨૮૦/-.

વરલી-મટકાનો જુગાર રમતા સાત ઝડપાયા

સુરત

કામરેજ તાલુકાના નવાગામ અને ખોલવડ ખાતે વરલી મટકા તથા તીન પત્તીનો જુગાર રમાડતા અડ્ડાઓ પર પોલીસે દરોડા પાડી નવાગામ ખાતેથી ૧.૬૮ લાખ તથા ખોલવડ ખાતેથી ૬૭ હજારનો મુદ્દામાલ પકડી પાડી કુલ ૭ જુગારીઓની ધરપકડ કરી હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર કામરેજ ગામના માહ્યાવંશી ફળીયામાં જીતુભાઈ કાંતિભાઈ માહ્યાવંશી રહે છે. નવાગામ ખાતે ઉમા મંગલ રોડની બાજુમાં તેઓ મુંબઈથી ચાલતા વરલી મટકા પર ચાલતા જુગાર રમાડતા હતા. પોલીસે દરોડા પાડી ૧૩૧૦૦ રોકડા, મોબાઈલ ફોન, ઓટો રિક્ષા મળી કુલ રૂા.૧.૬૮ લાખનો મુદ્દામાલ કબજે લઈ જીતુભાઈની ધરપકડ કરી હતી. જ્યારે કામરેજ ખોલવડ અકબરની વાડી પાસે હુસૈન સૈયદ, મહેમૂદ ઉસ્માન ફકીર, કલીમ ફકીર મોહંમદ, ફિરોઝ કડીવાળા, યુનુસ ગુરૂ મહંમદ તથા ઉકાભાઈ વગેરેઓ તીન પત્તીનો હાર જીતનો જુગાર રમતા હતા. ત્યારે પોલીસે દરોડા પાડી ૪૧૭૦૦ રોકડા, ૪ નંગ મોબાઈલ ફોન મળી કુલ ૬૭૭૦૦નો મુદ્દામાલ કબજે કરી તમામની ધરપકડ કરી હતી.

જમીન અને ઘરમાં ભાગ માંગતા દિકરાએ પિતાને સપાટા માર્યા

લાકડી ફટકારી પિતાની પાંસળી તોડી નાંખી દિકરો ફરાર

સુરત

માંડવી તાલુકાના રૂપણ ગામ ખાતે એક રાઠોડ પરિવારના વ્યક્તિને બકરા તથા જમીનમાં ભાગ કેમ આપતો નથી ? તેમ પુત્રએ પિતાને લાકડીના સપાટા મારી પીઠની પાંસળીઓ તોડી નાંખી ફરાર થઈ ગયો હોવાનો બનાવ માંડવી પોલીસ મથકમાં નોંધાયો હતો. પિતાએ પુત્ર સામે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર માંડવી તાલુકાના રૂપણ ગામના આશ્રમ ફળીયા ખાતે વનાભાઈ માધુભાઈ રાઠોડ રહે છે. વનાભાઈનો એક પુત્ર છે. જેનું નામ રમેશભાઈ છે. રમેશભાઈએ વનાભાઈ દ્વારા પાળવામાં આવેલા બકરા, જમીન અને ઘરમાં અડધો ભાગ આપવાની માંગણી કરી પિતા વનાભાઈ પર લાકડા સપાટા વડે હુમલો કરી શરીરના ભાગે ઈજાઓ પહોંચાડી હતી. ઈજાગ્રસ્ત ઈસમને સારવાર માટે સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં પિતાએ પુત્ર વિરૂદ્ધ માંડવી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આઈપીસી ૩૨૫, ૫૦૪ મુજબનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

અમદાવાદના પત્રકાર ચિરાગ પટેલ હત્યા કેસમાં પોલીસ દ્વારા ઝડપી અને ન્યાયીક તપાસ કરવા વિરમગામના પત્રકારોની માંગણી



અમદાવાદ જિલ્લા મિડીયા ક્લબ દ્વારા મુખ્યમંત્રી ને અનુલક્ષીને વિરમગામ નાયબ કલેક્ટર ને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું

વંદના નીલકંઠ વાસુકિયા (વિરમગામ)

અમદાવાદના પત્રકાર ચિરાગ પટેલ હત્યા કેસમાં પોલીસ દ્વારા ઝડપી અને ન્યાયીક તપાસ કરવા વિરમગામના પત્રકારોની માંગણી કરવામાં આવી હતી અને અમદાવાદ જિલ્લા મિડીયા ક્લબ દ્વારા મુખ્યમંત્રી ને અનુલક્ષીને વિરમગામ નાયબ કલેક્ટર ને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.

વિરમગામના પત્રકારો દ્વારા આપવામાં આવેદનપત્ર મા જણાવ્યું હતું કે, ગત શનિવાર ના રોજ અમદાવાદમાં ખાનગી ચેનલ માં કોપી એડિટર તરીકે કામ કરતાં અને નિકોલ ખાતે રહેતા પત્રકાર ચિરાગ પટેલને જીવતો સળગાવી દેવાયાની ઘટનાથી ચકચાર મચી જવા પામી છે. ચિરાગની લાશ કંઠવાળા પાસે અવાવરું જગ્યાએથી હત્યા કરાયેલી હાલતમાં લાશ મળી આવેલ હતી. આ રહસ્યમય હત્યા કેસ માં પોલીસ દ્વારા તપાસ કરવા માં આવી રહી છે. ઘટના ને ત્રણ દિવસ વીતવા છતા પોલીસ ની તપાસ હજુ ત્યાની ત્યાંજ છે. બીજી બાજુ પત્રકાર જગતમાં દુખ ની લાગણી છે ત્યારે અમદાવાદ જિલ્લા મીડિયા ક્લબ દ્વારા પત્રકાર ચિરાગ પટેલની હત્યા કેસ માં પોલીસ દ્વારા ઝડપી અને ન્યાયીક તપાસ થાય તેવી માંગણી છે. પત્રકાર ચિરાગ પટેલ હત્યા કેસના આરોપીઓને ઝડપી સખત સજા થાય તેમજ ભવિષ્યમાં પત્રકારો સાથે અમાનવીય વ્યવહાર ન થાય તે માટે પત્રકારોની સુરક્ષા માટે સરકાર દ્વારા પગલાં ભરાય તેવી અમો પત્રકારોની વિનંતી છે.

આરોગ્ય વિભાગે ૧૭૬૪ કિલોગ્રામ પ્રતિબંધિત પ્લાસ્ટિકનો જથ્થો પકડ્યો

કુબેરનગરમાં ગોડાઉનમાંથી પણ મોટી માત્રામાં પ્લાસ્ટિકનો જથ્થો પકડાયો

સુરત,

ઈસ્ટઝોન એના આરોગ્ય વિભાગ દ્વારા તા.૧૮-૩-૨૦૧૯ના રોજ બરોડા પ્રિસ્ટેજ, વરાછા મેઈન રોડ ખાતે આકસ્મિક ચકાસણી દરમ્યાન ટેમ્પા નં.જીજે-૫-એયુ-૩૨૪૩માં પ્રતિબંધિત પ્લાસ્ટિકનો જથ્થો જોવા મળતા સદર ટેમ્પોના ડ્રાઈવરને વધુ પૂછપરછ કરતા કતારગામ મુકામે પ્રતિબંધિત પ્લાસ્ટિકના જથ્થાનું ગોડાઉન હોય તેમ માલમ પડેલ. જે અંગે ઈસ્ટઝોન એના ઈ.ચા.નાયબ આરોગ્ય અધિકારી ડૉ. કે.એચ. પટેલ તથા કતારગામ ઝોનના નાયબ આરોગ્ય અધિકારી ડૉ. કે.એ. શ્રોફ દ્વારા સંયુક્તપણે શાંતિ વિહાર એપા., પ્લોટ નં.૧૫૮, ગ્રાઉન્ડ ફ્લોર દુકાન નં.૬-૭-૮-૯-૧૦, કુબેરનગર, પારસ પોલીસ ચોકીની ગલીમાં, નીતા પ્લાસ્ટિક નામની સંસ્થામાં સઘન ચેકિંગ હાથ ધરી ગોડાઉનમાંથી પ્લાસ્ટિકનો ૯૯૯ કિ.ગ્રા. જેટલો જથ્થો જપ્ત કરેલ. તેમજ નવાગામ બી વોર્ડ વિસ્તારમાં ઉક્ત ઝડપાયેલ ટેમ્પામાંથી પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ૮૬૫ કિ.ગ્રા.નો જથ્થો જપ્ત કરવામાં આવેલ છે. સુરત મહાનગરપાલિકાના કતારગામ ઝોન તથા ઈસ્ટઝોન એ દ્વારા સંયુકત હાથ ધરવામાં આવેલ પ્રતિબંધિત પ્લાસ્ટિક ઝુંબેશ દરમ્યાન કુલ ૧૭૬૪ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિકનો જથ્થો જપ્ત કરી નીતા પ્લાસ્ટિકના માલિક મનીષ રમણિકલાલ શાહ પાસેથી પ્રતિબંધિત પ્લાસ્ટિકના વેચાણ બદલ રૂા.૮૦,૦૦૦ વ.પ. ખર્ચ વસૂલ કરવામાં આવેલ છે.

સંતુલિત ખોરાકને પ્રોત્સાહન પુરૂ પાડવા એમ્વે દ્વારા વિશેષ કેમ્પેન


કેમ્પેન પોષણની ખામી પર ધ્યાન કેન્દ્રીત કરે છે

સુરત

દેશની સૌથી મોટી ડાયરેક્ટ સેલીંગ એફએમસીજી કંપની એમ્વે ઈન્ડિયાએ આરોગ્યપ્રદ જીવનશૈલીને પ્રોત્સાહન આપવા અને ટેકો આપવા માટે #EatHardEatSmar કેમ્પેન શરૂ કરી છે. યોગ્ય અને ઈષ્ટતમ પોષણના ખ્યાલના આધારે #EatHardEatSmart કેમ્પેન પોષણની ખામી પર ધ્યાન કેન્દ્રિત કરે છે જેમાં જો નિયમિત ખોરાકને સંતુલીત કરવામાં ન આવે તો તેમાં વધારો થઈ શકે છે. યોગ્ય સપ્લીમેન્ટ્સ દ્વારા સંચાલિત કરી શકાય તેવા શરીર દ્વારા દૈનિક પોષણની જરૂરી માત્રાની ઉણપ સર્જાય છે.

જીવનશૈલીમાં થયેલા ફેરફારો અને ખાવાની ટેવમાં છેલ્લા અમુક વર્ષોથી ફેરફાર થયો હોવાના કારણે પોષણની ખામીમાં વધારો થયો છે જેના લીધે લોકોના આરોગ્ય અને સુખાકારી પર વિપરીત અસર થાય છે. લોકોને વધુ સારી રીતે જીવવા માટેની તેની વિચારધારા અનુસાર, એમ્વે ગ્રહણ કરવા યોગ્ય પોષણ વિશેની સતર્કતાનું સર્જન કરવા અને આરોગ્યપ્રદ જીવનશૈલી પર તેની સકારાત્મક અસરો માટે પોતાના પ્રયત્નોને મજબૂત બનાવી રહી છે. #EatHardEatSmart કેમ્પેનના ભાગરૂપે કંપની એમ્વે ડાયરેક્ટ સેલર્સ અને ગ્રાહકોને તેમના નિયમિત ખોરાકમાં પોષણની દૈનિક જરૂરિયાત પર વધુ શિક્ષણ આપવા માટે અનેક પ્રકારની પહેલનો પ્રારંભ કરશે.

મગણાદ ગામ પાસે ગાડીમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડતી ભરૂચ એલ.સી.બી.





ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક રાજેંદ્રસિંહ ચુડાસમા તરફથી જિલ્લામાં દારૂ - જુગાર સદંતરપણે નાબુદ કરવા સુચના આપેલ હોય જે અનુસંધાને ભરૂચ એલ.સી.બી.ના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર જે.એન.ઝાલાના માર્ગદર્શન મુજબ જીલ્લામાં અલગ અલગ ટીમોની રચના કરવામાં આવેલ દરમ્યાન પો.સ.ઈ.એ.એસ.ચૌહાણ તથા ટીમનાં માણસો જંબુસર વિસ્તરમા ખાનગી વાહનમાં પેટ્રોલીગમાં હતા દરમ્યાન પો.કો. મહીપાલસિંહ રાજેંદ્રસિહ ને ચોક્કસ બાતમી મળેલ કે ઉબેર ગામ તરફથી એક લાલ કલરની નંબર વગરની રેનોલ્ટ ક્વીડ ગાડીમા બે ઇસમો ગેરકાયદેસરનો પ્રતીબંધીત ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો ભરી આમોદ તરફ જવાની છે જે હકીકત આધારે તે ગાડી ને તથા બે ઇસમો ને ભારતીય બનાવટના વિદેશી દારૂના જથ્થા સાથે પકડી પાડેલ છે.

આરોપીનુ નામ -: (૧)ઓમપ્રકાશ કામેશ્વર જાતે સિંહ રહે. રૂમ નં.૧૦૨ શિવા કોમ્પ્લેક્ષ પારડી ૬૦૬ ગામ તા.પાર્ડી જી.વલસાડ મુ.રહે.સાંઇ વાટીકા ઇન્ડસ્ટ્રીઝ નજીક તા.પારડી જી.વલસાડ તથા તેની બાજુની સીટમાં બેસેલ ઈસમે (૨)રવિન્દ્ર ઉર્ફે બાલી પ્રવીણભાઇ ગોહીલ રહે.ઘોડી ફળીયુ જુના તવરા ગામ તા.જી.ભરુચ (૧) ગાડીની કિંમત રૂપીયા ૩,૦૦,૦૦૦/- ગણી તથા (૨) અંગઝડતી ન! રોકડા રૂપીયા ૩૦,૦૦૦/- તથા (૩) મોબાઈલ નંગ-૨ કિં,રૂ. ૧૫,૫૦૦/- તથા (૪) દારૂ ના પાઉચ નંગ. ૧૯૨ કી.રૂ ૧૯,૨૦૦/- નો મુદ્દામાલ મળી કુલ રૂ. ૩,૬૪,૭૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલ છે.

નર્મદા ખાણ ખનીજ વિભાગે સીઝ કરેલી હાઈવા ટ્રકની ચોરી થતા ગુનો દાખલ



ગત ૧૨ માર્ચે ખાણખનીજ વિભાગે ઓવરલોડમાં પકડી સીઝ કરેલી ટ્રક ક્વોરી પર મુક્યા બાદ ટ્રક માલિકે ડ્રાઈવર મારફતે ટ્રક ચોરી કર્યાનો શક હોવાની ફરિયાદ દાખલ

રાજપીપળા : નર્મદા જિલ્લા ખાણખનીજ વિભાગ દ્વારા ગત ૧૨ માર્ચે તપાસ દરમિયાન ઓવરલોડ ના ગુના માં એક હાઈવા ટ્રક નં. પ્લ ૧૯ ઠઠ ૭૭૮૦ ને પકડી કાયદેસર કાર્યવાહી કરી ઓવરલોડમાં આ ટ્રક સીઝ કર્યા બાદ વાસલા ગામની એક કવોરી ઉપર સીજ કરી મુકેલ હતી ત્યારે આ હાઈવા ટ્રકનો માલીક તથા હાઈવા ટ્રકના ગાડીનો ડ્રાઈવર નામે મોહનભાઈ નટુભાઈ સંગાળાએ આ જગ્યા પરથી તારીખ ૧૨ થી ૧૪ માર્ચ દરિમિયાન કોઈ પણ સમયે આ ટ્રક વાહનના માલીક તેના ડ્રાઈવર મારફતે મુક્ત કરેલ ન હોવા છતા ખાણખનીજ વિભાગને કોઈ પણ પ્રકારની જાણ કર્યા વગર હાઈવા ટ્રક જેની કિ.રૂ.૧૨,૦૦,૦૦૦/- ની ચોરી કરી લઈ ગયા હોવાનો શક છે તેથી આ બાબતે ખાણખનીજ વિભાગના માઈન્સ સુપરવાઈઝર દીપેશ દેવટીયા એ ગરુડેશ્વર પોલીસ મથકે શકદાર તરીકે ટ્રકના મલિક અને ડ્રાઈવર વિરુદ્ધ ફરિયાદ આપતા પોલીસે ચોરી નો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

રાજપીપળામાં એક પછી એક ચંદનના ઝાડની ચોરીઓ થયા બાદ ફોરેસ્ટ વિભાગની ઊંઘ ઊડી



આખા કેમ્પસ ઉપર નજર કેમ્પસમાં નાઈટ વિઝન વાળા હાઈ ડેફિનેશન સી.સી.ટી.વી. કેમેરા લગાડવાનો નિર્ણય

રાજપીપળા : નર્મદા જિલ્લાના મુખ્ય મથક રાજપીપળામાં ઘણા સમય થી ચંદન ચોરોનો આતંક વધ્યો છે, થોડા સમય અગાઉ રાજપીપળાના દરબાર રોડ ઉપર આવેલ મંદિરના કમ્પાઉન્ડ માંથી ચોરો ચંદનનું ઝાડ કાપી લઈ ગયા હતા ત્યાર બાદ રાજપીપળાના વડીયા પેલેસ ખાતે આવેલી ગુજરાત રેંજર્સ ફોરેસ્ટ કોલેજા કેમ્પસ માંથી બે ચંદનના ઝાડ કપાયાં હતા અને ફરી ૧૨ માર્ચ ૨૦૧૯ ની રાત્રે રેંજર્સ ફોરેસ્ટ કોલેજ ના કેમ્પસ માંથી ચોરો ૨૦ હજાર ની કિંમત ના ૬ ચંદન ના ઝાડ કાપી ગયા હતા જેની રાજપીપળા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી જોકે અત્યાર સુધી થયેલી ચંદન ના ઝાડ ની ચોરીમાં પોલીસ ને કોઈ કડી મળી નથી પરંતુ ફોરેસ્ટ કેમપસમાં બે વખત થયેલી આ ચોરી માં અંદરનાજ કોઈ વ્યક્તિની સંડોવણી હોવાની આશંકા સેવાઈ હતી છતાં કોઈ પગેરું મળ્યું ન હતું ત્યારે આ બાબતે ફોરેસ્ટ વિભાગ ની સિકયુરિટી ઉપર અનેક સવાલો ઉઠ્યા બાદ હવે આ વિભાગની ઊંઘ ઉડી છે ત્યારે ફોરેસ્ટ વિભાગ હવે સફાળું જાગ્યું છે અને કેમ્પસમાં નાઈટ વિઝન વાળા હાઈ ડેફિનેશન સી.સી.ટી.વી. કેમેરા લગાડવાનો નિર્ણય કર્યો છે જે અંગે રેંજર્સ ફોરેસ્ટ કોલેજ રાજપીપળાના પ્રિન્સિપાલ ડૉ.જે રમેશે જણાવ્યું હતું કે સમગ્ર કેમ્પસમાં કેમેરા લગાડવામાં આવશે જે નાઈટ વિઝન વાળા હશે અને તેનું રેકોર્ડિંગ કંટ્રોલ રૂમમાં તેમજ અધિકારીઓ પોતાના મોબાઈલમાં લાઈવ જોઈ શકે તેવી વ્યવસ્થા કરવામાં આવશે જે અંગે સર્વે પણ થઈ ગયો હોવાનું પ્રિન્સિપાલે જણાવ્યું હતું.ત્યારે જાગ્યા ત્યારથી સવાર ની માફક હવે આ વિભાગ ની ઊંઘ ઉડી છે .

રાજપીપળાની સ્કુલમાં ધોરણ ૧૦ નું અંતિમ પેપર આપતી વિદ્યાર્થીનીની તબિયત લથડતા ૧૦૮ની ટીમે સારવાર આપી



તોરણા ગામની હિરલ કમલેશભાઈ વસાવા સંસ્કૃતનું છેલ્લું પેપર આપતા ચાલુ ક્લાસે ઉલ્ટી અને ગભરામણ ની ફરિયાદ કરતા રાજપીપળા ૧૦૮ ની ટીમે ક્લાસમાંજ જરૂરી સારવાર આપ્યા બાદ હિરલે પેપર આપ્યું

રાજપીપળા : હાલ ચાલી રહેલી બોર્ડ પરીક્ષામાં ધોરણ ૧૦ નું આજે છેલ્લું પેપર હોય રાજપીપળા આદર્શ નિવાસી શાળા ખાતે સંસ્કૃતનું અંતિમ પેપર આપી રહેલી તોરણા ગામની હિરલ કમલેશભાઈ વસાવા ને અચાનક ચાલુ પરીક્ષામાં ગભરામણ બાદ ઉલ્ટી થઈ અને બીપી પણ લો થતા તાત્કાલિક ૧૦૮ ને જાણ કરાતા રાજપીપળા સ્તિથ ૧૦૮ ના ઈએમટી સરોજબેન રાવલ અને પાયલોટ ઉસ્માન કુરેશી ત્યાં પોહચી જરૂરી સારવાર આપ્યા બાદ હિરલનું બીપી પણ લો જણાતા સારવાર બાદ પણ દસ મિનિટ ૧૦૮ ની ટિમ ત્યાં હાજર રહી ફરી બીપી તપાસતા નોર્મલ થયા બાદ ત્યાંથી રવાના થઈ હતી આમ હિરલ નું બોર્ડની પરીક્ષાનું અંતિમ પેપર તબિયત લથડતા આખરે ૧૦૮ ની ટીમની મદદે તે પેપર આપવામાં સફળ થઈ હતી ત્યારે નર્મદા માં ૧૦૮ દ્વારા આવા ઘણા કિસ્સાઓ માં સારી સેવા આપવામાં આવી હોવાના દાખલ જોવા મળ્યાં હોય ખરેખર તેમની કામગીરી પ્રસંસનીય છે.

ડીંડોલી ખાતે કુખ્યાત બુટલેગર શોભા પાટીલના અડ્ડા પર પોલીસ ત્રાટકી

સ્ટેટ મોનીટરિંગ સેલ પોલીસે દારૂ સાથે શોભાને પકડી પાડી

સુરત

સ્ટેટ મોનીટરિંગ સેલે ડીંડોલી મહાદેવ નગર ખાતે દરોડા પાડી મહિલા બુટલેગર શોભાબેન પાટીલની ધરપકડ કરી દેશી વિદેશી દારૂના જથ્થા સહિત રૂા.૧.૭૬ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

સ્ટેટ મોનીટરિંગ સેલે બાતમીના આધારે બુટલેગર શોભા દિલીપભાઈ પાટીલના નિવાસ સ્થાન ડીંડોલી મહાદેવનગર મકાન નં.૨૧૩માં દરોડા પાડ્યા હતા. પોલીસે બુટલેગર શોભા પાટીલની ધરપકડ કરી આરોપી ગુટ્ટુ, પ્રકાશ નીતિન પાટીલ નવાપુર, નાને વોન્ટેડ જાહેર કરી ૧૪૪ લીટર દેશી દારૂ, ૧૯૩૨ બોટલ કુલ રૂા.૧,૭૬,૪૬૦ અને એક મોબાઈલ ફોન કિંમત રૂા.૫૦૦ કબજે કર્યો હતો. સ્ટેટ મોનીટરિંગ સેલે આરોપીઓ વિરૂદ્ધ ડીંડોલી પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.

MARKET 4U™
સર્વિસ પ્રોવાઇડર નીમવાના છે
MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નીમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)
7575006847 Whats-App
7575006848 Time
7575006850 10 am to 5 pm

ગરુડેશ્વર ખાતે લગ્નની વર્ધીમાં ઘોડો લઈને આવેલા બે યુવાનોના કુવામાંથી મૃતદેહો મળતા અનેક અટકળો



• વડોદરા જિલ્લાના પાદરા પાસેના વડું ગામથી ઘોડો લઈ લગ્નમાં આવેલા ચાર પૈકી બેના મૃતદેહો કુવામાંથી મળતા હત્યાની આશંકા
• રાજપીપળા ફાયર બ્રિગેડની ટીમે ઘટના સ્થળે પહોચી રાતના અંધારામાં હેલોજનની મદદે રેસ્ક્યુ કરી બંનેના મૃતદેહો બહાર કાઢ્યા

રાજપીપળા : નર્મદા જિલ્લાના ગરુડેશ્વર તાલુકાના બિલથાણા ગામે ગત તારીખ ૧૪ માર્ચ ના રોજ ગણપતભાઈ ભીલ ના દીકરા વિજય નું લગ્ન હોવાથી લગ્ન માટે વડું ગામથી ઘોડો મંગાવ્યો હતો આ ઘોડો લઈ અલ્તાફ પીરૂશા દીવાન ઉ.વ.૨૩ હાલ.રહે.અલવા તા.તિલકવાડા જી.નર્મદા તથા(૨) આશીકશા મહેબુબાશા દીવાન ઉ.વ..૨૫ રહે.વડુ તા.પાદરા જી.વડોદરા તેમજ તેમની સાથે ગુમાનપુરા ગામના અજરૂદીનશા પિરૂશા દીવાન તથા મેઘાભાઈ જયરામભાઈ વર્ધિમા આવેલા પરંતુ લગ્ન બાદ તેમાંથી કોઈ ઘરે પરત ન આવતા તેમની શોધખોળ કરતા ગત તારીખ ૧૮ માર્ચ ના રોજ આ ચાર પૈકી અલ્તાફ દીવાન અને આશીકશા દીવાન ના મૃતદેહો બિલથાણા ખાતે આવેલ ઉડા જુના કુવામા હોવાનું જણાતા રાજપીપળા ફાયર બ્રિગેડની ટીમે ઘટના સ્થળે પોહચી રાતના અંધારામાં હેલોજનની મદદે રેસ્ક્યુ કરી બંનેના મૃતદેહો બહાર કાઢ્યા હતા. ગરુડેશ્વર પોલીસે હાલ અકસ્માતનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.તપાસ પીએસઆઈ એમ બી વસાવા કરી રહ્યા છે.

નર્મદા ધારીખેડા સુગરના કર્મચારીનું બાઈક સ્લીપ થતા મોત

સુગરમાં સ્ટોર ક્લાર્ક ની ફરજ બજાવતા ધનપાલ શાંન્તીયા કામટે પત્ની અને બાળક સાથે બાઈક પર પુરપાટ જતા હતા એ સમયે કુમસગામ પાસે બાઈક સ્લીપ થતા તેમનું મોત જયારે પત્ની અને બાળકને ઈજા

રાજપીપળા : નર્મદા ધારીખેડા સુગર ફેક્ટરી માં સ્ટોર ક્લાર્ક તરીકે ફરજ બજાવતા ધનપાલ કામટે નામના કર્મચારી સોમવારે સાંજે પત્ની અનિતાબેન અને પુત્ર પ્રેમ સાથે મો.સા.નં.જીજે ૨૨ બીઓ ૩૨૩ પર જતા હતા એ સમયે નાંદોદના કુમસગામ પાટિયા પાસે એમની મો.સા.પુરપાટ હંકારતા માર્ગ ઉપર સ્લીપ ખાઈ જતા ધનપાલભાઈ ને ગંભીર ઈજાઓ થઈ હતી તેથી તેમનું ઘટના સ્થળેજ મોત થયું હતું જયારે અકસ્માત માં પત્ની અને બાળક ને પણ ગંભીર ઈજાઓ થતા તેમને જડબેસલાક માટે ખસેડાયા હતા આ બાબતે ધારીખેડા સુગરના વિજય પાટીલે આમલેથા પોલીસ માં ફરિયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
શું આપ બેરોજગાર છો ?
શું આપ નોકરી બદલવા માગો છો ?
શું આપના લગ્ન બાકી છે ?
તો આપને માટે MARKET4U લાવ્યું છે એક નવું
ઓનલાઇન જોબ/ મેરેજ પ્લેટફોર્મ
માત્ર રૂપિયા ૫૫૦/-
www.connectindians.in માં આપનું રજીસ્ટ્રેશન કરાવો અને ૫ વર્ષ સુધી ફ્રી વેબસાઈટ વાપરો.
જો વધુ કમાવુ હોય તો અન્ય મિત્રોને સમજાવી આપની સાથે જોડો અને વધારાના હજારો કમાઓ.
7575006847

MARKET 4U™
આપની જાહેરાત (Advertisement) અમારા (Market4u)ના વેબ પોર્ટલ પર મૂકાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/- માં ત્રણ વર્ષ સુધી
સાથે વાપરો લગ્ન અને જોબના પોર્ટલ પણ ત્રણ વર્ષ તદ્દન ફ્રી
ગીફ્ટમાં મેળવો વાહન ટ્રેકિંગ સિસ્ટમ (GPS) મફત. (એક વર્ષ સુધી)
ઉપરાંત અન્યને જોડી ૧૨ લેવલનું એમએલએમ જોઇનીંગ ફ્રી કરી અઢળક કમાઓ.
ધનંજય ઝવેરી વિગત જાણવા તાત્કાલિક સંપર્ક કરો
Mo. 7575006847